

# ડૉ. હેડગેવાર

Scanned by CamScanner

# લેખકના બે બોલ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું કાર્ય આજ તો દેશભરમાં ફેલાયેલું છે. ગ્રામ ગ્રામ, નગર નગરમાં એની શાખાઓ લાગે છે. સંઘનું કાર્ય કોઈ સરિતાની સતત પ્રવાહમાન ધારાની જેમ સતત ગતિમાન છે, વધી રહ્યું છે. સમાજનાં અનેક ક્ષેત્રોને એ નવપલ્લવિત કરી રહ્યું છે.

સરિતાને જોતાં એનું ઉગમસ્થાન જોવાની ઈચ્છા આપોઆપ જાગૃત થાય છે. આપણા દેશમાં તો એનું મોટું માહાત્મ્ય છે. તેથી જ લોકો ગંગોત્રી, જમનોત્રી, અમરકંટક, ત્ર્યંબકેશ્વર વગેરે સ્થાન પર ભક્તિભાવપૂર્વક જાય છે. આ માનવ પ્રકૃતિ છે.

સંઘનું વિશાળ રૂપ જોયા પછી સ્વાભાવિક જ એ જાણવાનું મન થાય કે એનો આરંભ ક્યારે, કેવી રીતે થયો ? ગંગાના આ સ્વર્ગીય પ્રવાહને ધરતી પર ઉતારનાર એ ભગીરથ કોણ છે ?

બાળ કિશોરોમાં આવી ઉત્સુકતા વિશેષ રહેતી હોય છે. એમને માટે આ પુસ્તક લખ્યું છે. તેથી સરળ ભાષામાં, રોચક પદ્ધતિથી ડૉક્ટર હેડગેવારના જીવનના મહત્ત્વના પ્રસંગો અહીં આલેખ્યા છે. એ પ્રસંગો જેટલા આનંદદાયક છે, એટલા જ ઉપદેશક પણ છે.

આશા છે કે સૌ વાચકોને એ ગમશે.

પ્ર. ગ. સહસ્રબુદ્ધે



Scanned by CamScanner

# મનોગત

વિધેયક દૃષ્ટિકોણ ધરાવતા એક સ્વયંસેવી સંગઠન તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે, એના ૭૭ વર્ષના કાર્યકાળમાં, એની એક આગવી છબી ઉપસાવી છે.

૧૯૨૫માં આધુનિક ઋષિ જેવા એક સમર્થ દ્રષ્ટાને એનું સ્વપ્નું આવેલું. એમનું નામ ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર. દેશની દુર્દશા - ગુલામી જોઈને એમનું હૈયું હચમચી ઊઠતું. ક્રાંતિકારી પ્રવૃત્તિથી શરૂ કરી તે વખતની કૉંગ્રેસના પદાધિકારી, સત્યાગ્રહી તરીકેનું કાર્ય પણ તેમણે કરેલું. એમના મનમાં સતત એક જ સવાલ ઘોળાયા કરતો : રાષ્ટ્રનો વિખરાયેલો સમાજ એકતાનો અનુભવ ક્યારે, કઈ રીતે કરે ? એમને લાગતું કે આઝાદી મેળવવી જેટલી સહેલી છે, એથી કપરું કામ એને જાળવવાનું છે.

આ મંથનમાંથી જે માખણ નીપજ્યું એનું નામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ. એના આ અદ્ભુત સ્થાપકનું જીવનચરિત્ર પ્રગટ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ. એના પ્રથમ પ્રકાશક શ્રી બાબાસાહેબ આપટે સ્મારક સમિતિના અને લેખકના અમે ઋણી છીએ.

પૂજ્ય ડૉક્ટર સાહેબના યશોમય, પ્રેરક જીવનને ઉજાગર કરતી આ પંચમ આવૃત્તિ પ્રગટ કરવાનો અમને હર્ષ છે.

કર્ણાવતી ૨૦૦૩

પ્રકાશક

Scanned by CamScanner

# ૧

# મંગલ દિન

૧ એપ્રિલ, ૧૮૮૯નો દિન ઊગ્યો, એ દિવસે ગુડી પડવો હતો. ચોમેર આનંદનું વાતાવરણ હતું. સ્ત્રીઓ આંગણામાં પાણી છાંટતી હતી. છોકરીઓ સુંદર સાથિયા પૂરતી હતી. કેટલાક પુરુષો બારણા ઉપર તોરણ બાંધતા હતા, તો કેટલાક ઊંચી ઊંચી ગુડીઓ ઊભી કરતા હતા. બાળકોની દોડધૂપ ચાલી રહી હતી. કેટલાક લીમડાની ડાળીઓ લાવતા હતા. કેટલાક આંબાનાં પાંદડાં લાવતા હતા. કેટલાક એ પાંદડાંનાં તોરણ બનાવતા હતા. કેટલાક ગુડી માટે હાર બનાવતા હતા. કેટલાંક બાળકો આપણી ગુડી ખૂબ ઊંચી બંધાય એવો આગ્રહ રાખતાં હતાં. કેટલાંક છોકરાં પાડોશી કરતાં પોતાની ગુડી ઊંચી બંધાઈ હતી તેથી તાળીઓ પાડતાં હતાં અને નાચતાં હતાં. આજે ઘેર ઘેર બધાંને કંઈ ને કંઈ મિષ્ટાન્ન ખાવા મળવાનું હતું. આમ બધે ઠેકાણે આનંદ ને આનંદ પ્રસરી રહ્યો હતો.

નાગપુરમાં બળિરામ પંત હેડગેવારના ઘરમાં એ દિવસે જાણે કે આનંદનો વિશેષ ઊભરો આવ્યો હતો. એ વર્ષનો પહેલો દિવસ હતો, મંગલ દિવસ હતો, ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ યશદાયી દિવસ હતો, મોટા તહેવારનો દિવસ હતો અને એ જ દિવસે એમને ઘેર એક બાળકનો જન્મ થયો. બધાંને ખૂબ આનંદ થયો.

કેટલાક કહેવા લાગ્યા, 'ગુડી પડવાના મુહૂર્ત પર એમને ઘેર અવતરેલું



Scanned by CamScanner

આ બાળક ખૂબ ખૂબ પરાક્રમી નીવડશે !'

કેટલાકે કહ્યું, 'વાહ ! ચૈત્ર સુદ પડવો એટલે શક વિજેતા શાલિવાહનનો વિજય દિન ! એમ કહેવાય છે કે શાલિવાહને માટીના ઘોડેસવારોમાં પ્રાણ પૂર્યા ! એમને લઈ લડાઈ કરી અને દુષ્ટ, આક્રમક શકોને ભગાડી મૂક્યા. આ બાળક પણ એવું જ કંઈ અસામાન્ય કાર્ય કરી દેખાડશે !'

કોઈ કહે, 'આ બાળક હેડગેવાર વંશનો ધ્વજ ઊંચે ફરકાવશે !'

આવા મીઠા મીઠા બોલથી બધાએ બાળકનું સ્વાગત કર્યું. બારમે દહાડે એ બાળકનું નામ 'કેશવ' રાખવામાં આવ્યું.

'ગુડી પડવો; ચૈત્ર સુદ પડવો. મહારાષ્ટ્રમાં નૂતન વર્ષની શરૂઆત ચૈત્ર સુદ પડવાથી થાય છે. એ દિવસે ઘેર ઘેર ગુડી બાંધવામાં આવે છે.

---

ગુડી : એક લાકડીને રેશમી વસ્ત્ર વીંટાળી એને મથાળે પ્યાલા જેવું એક વાસણ દાબીને બેસાડવામાં આવે છે, અને એ ઘરની સામેના ભાગમાં બધા જોઈ શકે એ રીતે ગોઠવવામાં આવે છે. શાલિવાહન રાજાએ શકો ઉપર વિજય મેળવ્યો. એ પ્રસંગના સ્મારક તરીકે ધ્વજ જેવી દેખાતી આ ગુડી ઊભી કરવામાં આવે છે.

---



Scanned by CamScanner

# હેડગેવાર પરિવાર

મરાઠાવાડાના બોધન તાલુકામાં કંદકુર્તી નામનું એક ગામ છે. ગોદાવરી, હરિદ્રા અને વંજરા એ ત્રણ નદીઓના સંગમ ઉપર એ આવેલું છે. ત્યાંનું હેડગેવાર કુટુંબ વિદ્વત્તા માટે બહુ પ્રસિદ્ધ હતું. ઈ.સ. ૧૮૦૦ પછી એની એક શાખા નાગપુરમાં આવી. આ જ કુટુંબમાં કેશવનો જન્મ થયો.

કેશવના પિતાનું નામ બળિરામ પંત હતું. એની માતાનું નામ રેવતીબાઈ હતું. કેશવને બે ભાઈઓ અને ત્રણ બહેનો હતાં. મોટા મહાદેવ, બીજો સીતારામ અને નાનો કેશવ હતો.

બળિરામ પંત હેડગેવાર બહુ વિદ્વાન હતા. એમણે *અગ્નિહોત્ર વ્રત અંગીકાર્યું હતું. તેઓ ગોરપદું કરતા અને વિદ્યાર્થીઓને વેદ શીખવતા. મોટા ભાઈ મહાદેવ શાસ્ત્રી ખૂબ બળવાન હતા. તેઓ અખાડામાં જતા અને હજાર દંડ બેઠકો કરતા. પોતાના મહોલ્લાનાં છોકરાંઓને બોલાવી એમને મલખમ, કુસ્તી વગેરે શીખવતા.

સ્વભાવે તેઓ અતિ ક્રોધી હતા. એક વખત તેઓ ઉપલા માળની ગેલેરીમાં ઊભા હતા. નીચે રસ્તા પર કેટલાક ગુંડાઓ જતા હતા. ગુંડાઓએ રસ્તા ઉપર જતી કેટલીક સ્ત્રીઓની છેડતી કરી. એ જોતાં જ મહાદેવ શાસ્ત્રીને એકદમ ગુસ્સો આવ્યો. તેમણે ત્યાંથી જ નીચે કૂદકો માર્યો. એ બધા ગુંડાઓને એમણે એકલાએ ખૂબ માર માર્યો. શહેરના એ ભાગમાં મહાદેવ શાસ્ત્રીની ખૂબ ધાક હતી.

મહાદેવ શાસ્ત્રીનો કેશવ પર વિશેષ પ્રેમ હતો. કેશવ પાસે રોજ નિયમિત રીતે વ્યાયામ કરાવી લેતા. એમને મલખમ અને કુસ્તીના દાવ શીખવતા.

માતાપિતાની માયાનું છત્ર કેશવને લાંબા કાળ સુધી મળ્યું નહીં. ૧૯૦૨ની સાલમાં આખા નાગપુરમાં પ્લેગ ફાટી નીકળ્યો. બળિરામ પંત આડોશી પાડોશીઓને બધી જાતની મદદ આપવા લાગ્યા, પણ છેવટે એ અને એમનાં પત્ની રેવતીબાઈ બંને માંદગીમાં પટકાયાં અને બંને એક જ દિવસે મૃત્યુ પામ્યાં ત્યારે કેશવ ફક્ત ૧૨ વર્ષનો હતો.

*અગ્નિહોત્રીએ ઘરમાં અખંડ યજ્ઞનો અગ્નિ સાચવી એની ઉપાસના કરવાની હોય છે.



Scanned by CamScanner

## ૩

# બુદ્ધિમાન બાળક

કેશવની બુદ્ધિ સારી હતી. રામરક્ષા*, મનાચે શ્લોક*, ઈત્યાદિ નાનાં મોટાં અનેક સ્તોત્રો એમણે થોડીવારમાં જ મોઢે કરી નાખ્યાં હતાં. કેશવ નિશાળે જવા માંડ્યો. એ અનેક લોકોને અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો. રામાયણ મહાભારતની વાર્તાઓ એ ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. શિવાજી મહારાજની વાતો સાંભળવામાં તો એનું મન તલ્લીન થઈ જતું.

એક વખત કેશવના એક સગા મહેમાન તરીકે આવેલા. એ બહુ સરસ રીતે વાર્તાઓ કહેતા. એમણે શિવાજીની વાર્તા કહી. કેશવ તદ્દન તલ્લીન થઈ સાંભળતો હતો. વાર્તા પૂરી થઈ. બીજા છોકરા જતા રહ્યા પણ કેશવ ત્યાં જ બેસી રહ્યો. એ તો શિવાજીના કાળમાં પહોંચી ગયો હતો. એની આંખો સામે ચિત્ર દેખાતાં હતાં : શાહજી રાજા બાલ શિવાજીને લઈ વિજાપુર દરબારમાં ગયા છે. શાહજી રાજાએ એમને કહ્યું, 'બાલરાજા, બાદશાહને પ્રણામ કરો !' બાલશિવાજી બોલ્યા, 'નહીં, હું એને પ્રણામ નહીં કરું !'

કોઈએ મોટેથી હાંક મારી અને કેશવને પકડીને હલાવ્યો ત્યારે કેશવ ભાનમાં આવ્યો. બાળવયમાં જ એ દેશનો વિચાર કરવા લાગ્યો હતો.

---

* ભગવાન રામચંદ્ર વિશેનું એક સ્તોત્ર.

* સમર્થ રામદાસ સ્વામીએ મનને ઉદ્દેશીને લખેલા ૨૦૫ શ્લોક.



Scanned by CamScanner

# એ મીઠાઈ ખાવી પાપ છે

નાનાં બાળકોને મીઠાઈ બહુ ભાવે છે, ઘણાં છોકરાં તો મીઠાઈ માટે માબાપ આગળ હઠ કરી બેસે છે, પણ એ દિવસે કેશવે એને મળેલી મીઠાઈ ગટરમાં ફેંકી દીધી.

એ કાળ એવો હતો કે આપણા દેશ પર અંગ્રેજોનું રાજ્ય હતું. એ વખતે ઈંગ્લૅન્ડમાં વિક્ટોરિયા રાણી હતાં. એમના રાજ્યાભિષેકને ૬૦ વર્ષ પૂરાં થયાં તેથી અંગ્રેજોએ દેશમાં બધે મોટા ઉત્સવો ઉજવ્યા. ઘણા લોકોએ મોટાં મોટાં ભાષણો કરી રાણીની સ્તુતિ કરી. ધજાઓ, તોરણો, કમાનો, સરઘસો વગેરે ભપકાબંધ કાર્યક્રમો અંગ્રેજોએ આ દેશમાં બધે યોજ્યા હતા. એ સમારંભના ભાગ તરીકે શાળાઓમાં બાળકોને મીઠાઈ વહેંચવામાં આવી. બધાં છોકરાંઓએ મીઠાઈ લીધી. નાના કેશવે પણ મીઠાઈ લીધી, પણ મીઠાઈનો સ્પર્શ થતાં વેંત જ એને જાણે કે વીંછીએ ડંખ માર્યો હોય એવી વેદના થઈ. એના નાના સરખા મગજમાં વિચારચક્ર શરૂ થયું.

'અંગ્રજોએ આપણા દેશને ગુલામ બનાવ્યો છે. અંગ્રેજો આપણા શત્રુ છે. એમની રાણીના રાજ્યને ૬૦ વર્ષ થયાં એનો આપણે શા માટે આનંદ માણવો જોઈએ ? આપણે શા માટે મીઠાઈ ખાવી ? છટ્ છટ્, આ મીઠાઈ ખાવી એટલે અંગ્રેજોની ગુલામી આપણને પસંદ છે એ સ્વીકારવા જેવું છે. આ



Scanned by CamScanner

મીઠાઈ ખાવી પાપ છે; મારા દેશનો દ્રોહ કરવા બરાબર છે. ના ! ના ! ના ! હું મીઠાઈ ખાવાનો નથી !'

કેશવના વિચાર તીવ્ર બન્યા. તરત જ એણે હાથમાંનું મીઠાઈનું પડીકું ગટરમાં ફેંકી દીધું. એની સાથેના શાળાના સોબતીઓ એના તરફ જોતા જ રહ્યા. કેશવે એમને સમજાવ્યા, પણ એમને એ સમજાયું નહીં.

કેશવ ઘેર આવ્યો ત્યારે એનો ચહેરો ગંભીર હતો. એ જોઈને મોટા ભાઈએ પૂછ્યું, 'અરે ! તને મીઠાઈ મળી નથી એમ લાગે છે.' કેશવે કહ્યું, 'એ મીઠાઈ મળી હતી, પણ મેં ગટરમાં ફેંકી દીધી !' 'અરે વાહ ! મળેલી મીઠાઈ તેં ગટરમાં કેમ ફેંકી દીધી ?' કેશવે સડાક દઈ જવાબ આપ્યો, 'એ મીઠાઈ નહોતી, એ ઝેર હતું ! આવી જ મીઠાઈ આપીને અંગ્રેજ આપણા દેશને કાયમને માટે ગુલામ રાખવા માગે છે.'

એનો એ આવેશ જોઈ સાંભળનારા સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. એક પડોશી ગૃહસ્થ બોલ્યા, 'આ છોકરો કોઈ જુદી જ માટીનો બનેલો છે !'

Scanned by CamScanner

# કિલ્લો જીતવાની ઈચ્છા

શિવાજી મહારાજની વાર્તાઓ સાંભળતાં એ બાલ ઉંમરનો કેશવ અનેકવાર મનથી સૈનિક બની જતો.. ક્યારેક એ ઘોડા ઉપર બેસતો, કિલ્લા ઉપર ચઢતો, અને ભોંયરામાં ગુપ્ત માર્ગે આવજા કરતો. મારે એવું જ કંઈક કરવું જોઈએ એવું એને લાગતું.

સીતાબર્ડીના કિલ્લા પર એ વખતે અંગ્રેજોનો ધ્વજ ફરકતો હતો. એ જોઈ કેશવને અતિશય ચીડ ચઢતી. એ પોતાના સાથીઓને કહેતો, 'આપણે આ અંગ્રેજોનો ધ્વજ ફાડી નાખવો જોઈએ. સીતાબર્ડીના કિલ્લા પર આપણો ભગવો ધ્વજ ફરકવો જોઈએ. આપણે સીતાબર્ડી કિલ્લો જીતી લેવો જોઈએ.'

'પણ ત્યાં પહોંચવું કેવી રીતે ?' એક જણે શંકા કરી.

'આપણે ભોંયરું ખોદીએ તો ?' બીજાએ જવાબ આપ્યો. વાનરસેના તત્કાળ તૈયાર થઈ ગઈ.

'આપણે સીતાબર્ડી કિલ્લા સુધી ભોંયરું ખોદીશું,' ત્રીજાએ ચોક્કસ યોજના કહી બતાવી.

'સરસ ! બહુ સરસ ! હવે કામની શરૂઆત કરીએ !' બધા કહેવા લાગ્યા.

બધા તૈયાર થયા. પાવડા આવ્યા, કોદાળી આવી. છાનું માનું કામ થવા માંડ્યું. વઝે ગુરુજીના ઘરમાં મોટો ખાડો તૈયાર થયો. વઝે ગુરુજીને આ વાતની ખબર પડી ત્યારે ભાવવિભોર બન્યા. દસ દસ, બાર બાર વર્ષનાં છોકરાંઓની આ તેજસ્વિતા જોઈ એમને બહુ આનંદ થયો. એમણે બધાને બેસાડી સમજાવ્યું. એ છોકરાંઓનો આગેવાન હતો કેશવ બળિરામ હેડગેવાર. વઝે ગુરુજીએ કેશવને પાસે બેસાડ્યો અને એની પીઠ ઉપર હાથ ફેરવી એમણે એમને આશીર્વાદ આપ્યા, 'કેશવ, તારા હાથે સેવા થાઓ !'



Scanned by CamScanner

# અંગ્રેજ રાજ્યનો નમૂનો

અંગ્રેજી રાજ્યના એ કાળમાં આપણી માતૃભૂમિનો જય જયકાર પણ કરી શકાતો નહીં. અંગ્રેજોએ બંગાળના ભાગલા પાડવાનું નક્કી કર્યું. બંગાળના લોકો ખૂબ ક્રોધે ભરાયા. એમણે કહ્યું, 'અમે અમારા પ્રાંતના ભાગલા પડવા દઈશું નહીં. હિન્દુસ્થાનના બધા લોકોને ગુસ્સો આવ્યો. દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી લોકો બોલવા લાગ્યા. 'અમે બંગાળના ભાગલા પડવા દઈશું નહીં.' બંગાળના લોકોએ ગર્જના કરી, 'વંદે માતરમ્ ! ભારત માતા કી જય !!'

એ ઘોષણા સાંભળી અંગ્રેજ અધિકારીઓ ચીડાયા. એમણે ફરમાન કાઢ્યું કે કોઈએ, 'ભારત માતા કી જય' બોલવું નહીં, કોઈએ 'વંદે માતરમ્' બોલવું નહીં. જો કોઈ આ નિયમનો ભંગ કરશે તેને સખત સજા કરવામાં આવશે !

Scanned by CamScanner

# સાચું સીમોલ્લંઘન

એ ૧૯૦૭ની સાલ હતી. લોકમાન્ય ટિળકનાં ભાષણો સર્વત્ર ગાજતાં હતાં. સ્વદેશીનો પવન જોરશોરથી ફૂંકાતો હતો. એ વર્ષે દશેરાની આસપાસ કેશવ રામપાયલી ગામમાં એના કાકાના ઘેર આવ્યો હતો.

દશેરાનો દિવસ ઊગ્યો. કેશવ એના બધા મિત્રોને મળી આવ્યો. એ જ્યાં જતો ત્યાં એને ઘણા સોબતી મળી આવતા, અને તેના સોબતી એનું કહ્યું કરનારા હતા. કેશવે અને એના મિત્રોએ યોજના ઘડી કાઢી.

સાંજે સીમોલ્લંઘન માટે બધા લોકો ગામની બહાર જવા લાગ્યા. એ ગિરદીમાં કેશવ અને એના મિત્રો પણ હતા. રિવાજ મુજબ નિશ્ચિત સ્થાન પર શમીપૂજન અને અન્ય પૂજાવિધિ થઈ. હવે લોકો રાવણને મારવા મોં ફેરવતા હતા, એટલામાં કેશવે મોટેથી ગર્જના કરી 'વંદે માતરમ્ !' તત્કાળ બધા તરુણોએ પણ વંદે માતરમ્‌ની ગર્જના કરી. આખું વાતાવરણ ફરી ગયું. બધાંના અંતઃકરણમાં નવો જુસ્સો આવ્યો. કેશવ તરત જ આગળ ધસી આવ્યો. એણે એક નાનું સરખું તેજસ્વી ભાષણ કર્યું. એ બોલ્યો, 'ભાઈઓ, આજે આપણે અજ્ઞાનની, પરતંત્રતાની, કાયરતાની અને સ્વાર્થની સીમાઓ ઓળંગવાની છે. રાવણ એટલે જુલમ અને અત્યાચાર ! રાવણ એટલે સામ્રાજ્યવાદ ! રાવણ એટલે કુટિલ કારસ્થાન ! એનો આપણે વધ કરવો છે. બોલો, 'વંદે માતરમ્ ! ભારત માતા કી જય !' પછી લોકોએ ખૂબ આવેશથી પથ્થર, ઈંટો ફેંકીને રાવણના પૂતળાને તોડીફોડી નાખ્યું.

એ વર્ષે રામપાયલીના લોકોને સારા વિચારોનું સોનું* મળ્યું.

---

*દશેરાના દિવસે શમી વૃક્ષનાં પાંદડાં પરસ્પરને આપવાં એટલે સોનું વહેંચવું.



Scanned by CamScanner

# ૮

# વંદે માતરમ્

અંગ્રેજોએ શાળાના વિદ્યાર્થીઓ માટે જુલમી કાયદા કર્યા. ચૌદ વર્ષનો કેશવ એ વખતે નાગપુરની નીલ સિટી હાઈસ્કૂલમાં ભણતો હતો. એને આ જુલમી કાયદાનો બહુ ગુસ્સો હતો. એણે એના સાથીદારોને ભેગા કર્યા અને એક યોજના ઘડી કાઢી. તરત જ દરેક વર્ગમાં સંદેશો પહોંચાડવામાં આવ્યો. એકે બીજાને કહ્યું, બીજાએ ત્રીજાને કહ્યું. બધાએ એ નિશ્ચય કર્યો.

શાળાનું નિરીક્ષણ કરનારા અધિકારી શાળામાં આવવાના હતા. એ પહેલાં કેશવના વર્ગમાં જ આવ્યા. એમણે વર્ગમાં પગ મૂક્યો કે તરત જ બધા વિદ્યાર્થીઓ ઊભા થઈ ગયા અને મોટેથી બોલ્યા 'વંદે માતરમ્.'

પછી તો દરેક વર્ગમાં 'વંદે માતરમ્'ની ગર્જના થઈ. આખી શાળા 'વંદે માતરમ્' ની ઘોષણાથી ગાજી ઊઠી. શાળાનું ઈન્સ્પેક્શન ત્યાં જ અટક્યું. અધિકારી ક્રોધથી લાલચોળ થઈ ગયા. શાળાના સંચાલક ભયથી કાંપવા લાગ્યા.

અધિકારી ગુસ્સામાં બોલી ઊઠ્યા, 'કોણ છે આની પાછળ ? એને મારી સામે મોકલો. હું એને સખત શિક્ષા કરીશ !'

શિક્ષકોએ ખૂબ તપાસ કરી પણ કોઈ બોલે જ નહીં. કોઈએ એમના નેતાનું નામ આપ્યું નહીં. છેવટે 'વંદે માતરમ્'ની ઘોષણા કરતા કરતા બધા વિદ્યાર્થીઓ શાળાની બહાર નીકળી ગયા. અધિકારી કડક ભાષા બોલવા લાગ્યા એટલે વિદ્યાર્થીઓએ શાળામાં જવાનું જ બંધ કર્યું.

પણ આમ બહુ દિવસ ચાલે એ શક્ય નહોતું. વાલીઓ ઉપર દબાણ આવવા લાગ્યું. અધિકારીઓએ અનેક યુક્તિઓ કરી જોઈ. છેવટે બધા વિદ્યાર્થીઓ ફરીથી પહેલાની માફક શાળામાં જવા માંડ્યા. ફક્ત કેશવે એ શાળા છોડી.



Scanned by CamScanner

૯

# આવી સરકાર ઉથલાવવી જોઈએ

કેશવ થોડા દિવસ નાગપુરમાં જ રહ્યો. આડોશ પાડોશના લોકો એને સલાહ આપવા માંડ્યા.

એક જણ કહે, 'અરે ! માફી માગ અને છૂટી જા.'

કેશવ કહે, 'મેં એવો કયો ગુનો કર્યો છે કે હું માફી માગું ?'

એ સજ્જને કહ્યું, 'વંદે માતરમ્ બોલ્યો અને બીજા છોકરાઓ પાસેથી પણ વંદે માતરમ્ બોલાવ્યું, એ ગુનો જ છે.'

કેશવે કહ્યું, 'આપણી માતાને વંદન કરવા એ કદાપિ ગુનો થઈ શકે ખરો ?'

એ સજ્જને કહ્યું, 'હા, સરકારે એમ ઠરાવ્યું છે એટલે એ ગુનો છે.'

કેશવે ઊંચા અવાજે કહ્યું, 'તો એ સરકારને હું સ્વીકારતો નથી. એવી સરકારને ઉખેડી નાખવી જોઈએ.'

એ સજ્જન મોં ફાડીને એની સામે જોતા જ રહ્યા. ત્યાં એકઠા થયેલા બધા લોકો આભા બની ગયા અને ડરી ગયા. એક જણ બોલ્યો, 'આવા છોકરા સાથે બોલતાં પણ વિચાર કરવો જોઈએ, નહીં તો આપણા ઉપર પણ સંકટ આવી પડશે.'

બીજા એક જણે કહ્યું, 'આ આજકાલના નાના છોકરાઓ ક્યાંથી કંઈક સાંભળી આવે છે અને શું નું શું બોલ્યા કરે છે, બીજું શું !'

કેશવના સગાસંબંધીઓએ પણ એવી જ સલાહ આપી. કેશવે એમને એવા જ જવાબ આપ્યા. કેશવ પાછો રામપાયલી કાકાને ત્યાં ગયો.

ત્યાં એક સજ્જને તેને કહ્યું, 'અરે ભાઈ, તું હજી નાનો છે, આ તારી ભણવાની ઉંમર છે. આ ઉંમરે તું આવાં કામ શા માટે કરે છે ?'

કેશવે એમને તરત જ કહ્યું કે તમે એ કામ કરતા નથી માટે ! તમારું ભણતર તો પૂરું થયું છે ને ? તો તમે આપણા દેશની સેવા કેમ કરતા નથી ? તમે જો એ કામ કરવાની બાંયધરી આપતા હો તો હું પણ મારું શાળાનું ભણતર પૂરું કરવાની બાંયધરી આપું છું.

એ સજ્જન સમજી ગયા કે આ છોકરાને સલાહ આપવાનો કોઈ અર્થ નથી. આ કંઈ સામાન્ય છોકરો નથી.



Scanned by CamScanner

## ૧૦

# ધડાકો

એક દિવસે રામપાયલીમાં મોટો ખળભળાટ મચી ગયો. રાત્રિની વેળા હતી. લગભગ નવ વાગ્યાનો સમય હતો. પોલીસ ચોકીમાં પોલીસો હંમેશ પ્રમાણે સુરતીમાં રગશિયા ગાડાની માફક કામ કરતા હતા. તેવામાં અચાનક મોટો અવાજ થયો, ધડામ્ !

સિપાઈઓ ગભરાઈ ગયા. આસપાસના ઘરના લોકો ગભરાયા. દોડધામ શરૂ થઈ. અધિકારીઓ આવ્યા. એમણે નિરીક્ષણ કર્યું; તપાસ શરૂ કરી. પોલીસ ચોકીની બહારની ભીંતમાં એક ગાબડું પડ્યું હતું. પાસે જ નાળિયેરનાં કોચલાં પડ્યાં હતાં. બંદૂકના દારૂની ગંધ આવતી હતી. આજુબાજુ ખીલા અને કાચ પડ્યા હતા.

એક સાંભળે અને બીજાને કહેતો જાય એ રીતે વાત ફેલાઈ. એ નાનાશા ગામમાં એ જ વાત ચર્ચાનો વિષય બની હતી. એક જણ બીજાને પૂછે, 'કાલે રાતે ધડાકાનો અવાજ શેનો થયો ?'

'તમને ખબર નથી ? અરે, કાલે કોઈએ સીધો પોલીસ ચોકીની ભીંત ઉપર બૉંબ ફેંક્યો. પોલીસે ખૂબ તપાસ કરી, પણ કોઈ માણસ પકડાયો નથી.'

'ક્રાંતિકારી યુવાનો રામપાયલીમાં પણ છે એમ ને ?'

'જરા ધીમે બોલો, કોઈ સાંભળી જશે તો આપણા ઉપર જ આળ મૂકશે.'

ચારે બાજુ ભયનું વાતાવરણ ફેલાયું. પોલીસે કડક ઉપાય યોજ્યા, પણ કોઈ પકડાયું નહીં.

કેશવના કાકા એટલે આબાજી હેડગેવાર તો સમજી જ ગયા કે આ કામ એમના ભત્રીજાએ જ શરૂ કર્યું હશે. પાછળથી પોલીસના મનમાં પણ કેશવ વિશે શંકા આવવા માંડી હતી. એ કેશવની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખતી હતી. આખરે કેશવે રામપાયલી છોડ્યું. એ નાગપુર આવ્યો. થોડા દિવસોમાં એણે ડૉ. મુંજે પાસેથી પરિચયપત્ર મેળવ્યો અને એ યવતમાળ ગયો.



Scanned by CamScanner

૧૧

# યવતમાળના વિદ્યાગૃહમાં

આ સમયે યવતમાળ બધી સારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. લોકનાયક બાપુજી અણે યવતમાળમાં જ રહેતા હતા. કેશવ પહેલાં બાપુજી અણેને ઘેર જ ઊતર્યો હતો. એમના કહેવાથી એ રાષ્ટ્રીય શાળામાં જવા લાગ્યો.

યવતમાળમાં તપસ્વી બાબાસાહેબ પરાંજપેએ રાષ્ટ્રીય શાળા શરૂ કરી હતી. ઘેર ઘેર ફરી એમણે થોડા પૈસા ભેગા કર્યા હતા. ગામ ગામના લોકો એમને ત્યાં અનાજ મોકલતા. અનેક ધ્યેયવાદી યુવકો ત્યાં ભેગા થયા અને ત્યાં શિક્ષક તરીકે કામ કરવા લાગ્યા, ધર્મનો સાચો અર્થ સમજાવવા લાગ્યા. જીવનનું ઘડતર થાય, ચારિત્ર્ય નિર્માણ થાય એવું શિક્ષણ તેઓ આપવા માંડ્યા. કેશવે એ શાળામાં પ્રવેશ મેળવ્યો. એ શાળાનું નામ હતું વિદ્યાગૃહ !

કેશવની શાળા અગિયારથી પાંચ વાગ્યા સુધીની હતી. સવારે કોઈ વાર એને ભોજન મળતું તો કોઈવાર ન મળતું, પણ એ હંમેશાં ઉત્સાહમાં રહેતો. એના ચહેરા પરનું હાસ્ય કદી ઓસરતું નહીં. પાછળનો અભ્યાસ પૂરો કરવા માટે રાત દિવસ ખૂબ અભ્યાસ કરવો પડતો હોવા છતાં પણ એ સવાર સાંજ નિયમિત રીતે કસરત કરતો અને રાષ્ટ્રીય વિચારધારા ધરાવતાં વર્તમાનપત્રો વાંચતો.

બાબાસાહેબ જેવી મહાન વ્યક્તિના સતત સહવાસને લીધે અને તરુણ



Scanned by CamScanner

પદવીધરોના લાગણીભર્યા અધ્યાપનને લીધે એ શાળા બહુ જ લોકપ્રિય બની. એ શાળાની કીર્તિ ગામેગામ ફેલાઈ. લોકો સ્વયંસ્ફૂર્તિથી પૈસાની અને અનાજની મદદ મોકલવા લાગ્યા. પોતાનાં બાળકોને રાષ્ટ્રીય શાળામાં મોકલવા લાગ્યાં. અનેક બાળકો રાષ્ટ્રીય સરકારી શાળા છોડી આ શાળામાં આવ્યાં.

થોડા વખતમાં એ શાળા અંગ્રેજ સરકારની આંખમાં ખૂંચવા માંડી. હુકમશાહીનાં દમનકારી ચક્રો ગતિમાન થયાં. બાબાસાહેબ ઉપર અનેક પ્રકારનાં બંધનો લાદવામાં આવ્યાં. એમણે ક્યાંય ભાષણ કરવું નહીં એવું સરકારે ફરમાન કાઢ્યું. ત્યાંના શિક્ષકોને અંગ્રેજ સરકારના અધિકારીઓ હેરાન કરવા લાગ્યા. ધાકધમકી આપવા લાગ્યા. શાળામાં જનારાં છોકરાંઓના વાલીઓ ઉપર દબાણ લાવવામાં આવ્યું.

તપસ્વી બાબાસાહેબ પરાંજપે અને એમના સાથીદારો દિવસો સુધી આ બધી મુશ્કેલીઓનો સામનો કરતા રહ્યા. છેવટે ઈ.સ. ૧૯૦૯ના એપ્રિલ મહિનામાં એ શાળા બંધ કરવી પડી.

પણ કેશવે ધીરજ છોડી નહીં. પુણે જઈ શિક્ષણ પૂરું કરવાનો એણે નિર્ધાર કર્યો. પુણેમાં એ શંકરાચાર્યના મઠમાં રહેતો હતો. બે મહિના એણે ખંતપૂર્વક અભ્યાસ કર્યો. પછી અમરાવતી જઈ એણે શાળાંત (મૅટ્રિકની) પરીક્ષા આપી અને એ પરીક્ષા સારી રીતે પસાર કરી.

Scanned by CamScanner

૧૨

# કોલકત્તા

કેશવ નાગપુર પાછો આવ્યો. પડછંદ કાયા. શરીરમાં જોમ અને ચહેરા ઉપર વિલસતું તેજ. આ ગુણોને લીધે એને વિશે બધાના મનમાં આદર ઉત્પન્ન થતો. લોકો હવે એમને કેશવરાવ કહેવા લાગ્યા.

કેશવરાવની ઘરની સ્થિતિ અતિશય ગરીબાઈની હતી. આપણે આગળ કંઈક ભણવું જોઈએ એમ એમને ઘણું લાગતું હતું, પણ પૈસાની કોઈ સગવડ નહોતી. રોજના ભોજનનાં જ્યાં ફાંફાં હોય ત્યાં આગળ ભણવા માટે કોણ પૈસા આપવાનું હતું ?

પણ તીવ્ર ઈચ્છા હોય તો આપમેળે માર્ગ મોકળો થાય છે. મોટા માણસો શરીરથી જીવતા નથી, એ મનથી જીવતા હોય છે. જેમનું મન મજબૂત હોય છે એમના પેટને વાસી સુક્કા રોટલા પણ માફક આવે છે. એક મૂઠી ચણા અને લોટો ભરીને પાણી એમને ચાલે છે. એ સમયે કેશવરાવ એવા જ દિવસો વ્યતીત કરતા હતા.

નાગપુરમાં એક શાળામાં તેઓ શિક્ષક તરીકે કામ કરવા લાગ્યા. ટયૂશન કરીને પણ થોડા પૈસા મેળવવા લાગ્યા. ભાઈના કુટુંબ વ્યવહારમાં પણ એ થોડી મદદ કરવા લાગ્યા. આગળના ભણતરને માટે એ પૈસા એકઠા કરતા હતા. પોતાના ઉદરનિર્વાહ માટે પણ તેઓ કમાતા હતા.

પણ એ પેટ ભરવા માટે જીવતા નહોતા. એ ધ્યેય ખાતર જીવતા હતા. નાના સરખા ઘરમાં રહેનારા, નાગપુરની ગલીઓમાં લટાર મારનારા, ગરીબ કેશવરાવ સ્વરાજ્યનાં સ્વપ્નો જોતા હતા. આપણા પરિશ્રમથી આપણો ભારતવર્ષ વૈભવશાળી થશે એવાં ચિત્રો તેઓ આંખો સામે કંડારતા હતા. એમને નાની સરખી નિશાળમાં શિક્ષક તરીકે જીવન ગુજારવું નહોતું. એમને તો આખા દેશના શિક્ષક બનવું હતું.

ડૉક્ટર મુંજેએ કેશવરાવને માર્ગદર્શન આપ્યું અને એમને અનેક પ્રકારની મદદ કરી. અંગ્રેજી પદ્ધતિનું ડૉક્ટરી શિક્ષણ લઈ ડૉક્ટર થવું એમ કેશવરાવે નક્કી કર્યું. એ હેતુથી તેઓ જલદીથી કોલકત્તા જઈ પહોંચ્યા.



Scanned by CamScanner

# બંગભૂમિ

બંગાળની ભૂમિ બહુ પવિત્ર છે. એ ચૈતન્ય મહાપ્રભુની ભૂમિ છે. એ ભૂમિનો કણ કણ ગંગાના પાણીથી ભીંજાયેલો છે. એ ભૂમિનું આખું વાતાવરણ 'હરિ બોલ'ના લલકારથી વ્યાપેલું છે. એ ભૂમિના સમગ્ર આકાશમાં કાલી માતાનું તેજ ફેલાયેલું છે. અર્વાચીન કાળમાં શ્રી રામકૃષ્ણ પરમહંસે ભક્તિનો સ્થિર પાયો ત્યાં નાખ્યો હતો. સ્વામી વિવેકાનંદે એના ઉપર ઊંચું કીર્તિમંદિર બાંધ્યું અને હિંદુધર્મનો ધ્વજ આખી દુનિયામાં ફરકાવ્યો. 'વંદે માતરમ્' ગીત રચનાર બંકિમચંદ્ર અહીં જ જન્મ્યા હતા. દ્વિજેન્દ્ર રાય જેવા નાટકકાર અહીં જ ઉત્પન્ન થયા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજા રામમોહનરાય, બિપીનચંદ્ર પાલ, સુરેન્દ્રનાથ બેનર્જી, કેશવચંદ્ર સેન, અરવિંદ ઘોષ જેવા વિદ્વાનોની અને દેશભક્તોની એ ભૂમિ છે.

બંગાળ વિશે આ જ ભાવના મનમાં ભરીને કેશવરાવ કોલકત્તા ગયા. એ ફક્ત વૈદ્યકીય શિક્ષણ લેવા માટે ત્યાં ગયા નહોતા. રાષ્ટ્રીય શિક્ષણ લેવા માટે એ કોલકત્તા ગયા. એમને ફક્ત માણસના શરીરના રોગ મટાડવા નહોતા. એમને ભારતીય જનતાના મનના રોગ પણ મટાડવા હતા. હિંદુઓના બધા દુર્ગુણો દૂર કરી એમને સદ્ગુણી બનાવવાનો માર્ગ શોધી કાઢવા માટે તેઓ ત્યાં ગયા હતા. મહાનદીઓથી સુશોભિત નિસર્ગ રમણીય બંગભૂમિ પ્રત્યે એ હંમેશાં એ જ દૃષ્ટિથી જોતા.

કેશવરાવ કોલકત્તામાં અને આસપાસના પ્રદેશોમાં બધે ઠેકાણે ઘૂમ્યા. દેશભક્તિનાં બધાં તીર્થક્ષેત્રોમાં જઈ એમણે બધાની પૂજાપદ્ધતિ શીખી લીધી. એ ક્રાંતિકારીઓને ત્યાં ગયા. તેમજ આત્મશાંતિના પ્રચારકોને ત્યાં પણ ગયા. બધી સભાઓ અને ભાષણોમાં ને બધાં સરઘસોમાં તે ભાગ લેતા હતા. તેઓ બંગભૂમિ સાથે તરત જ સંપૂર્ણ સમરસ બન્યા. બંગાળની દરેક બાબત પ્રત્યે તેઓ અંતઃકરણથી પ્રેમ કરવા લાગ્યા. બહુ જ થોડા સમયમાં તેઓ બંગાળી ભાષા તદ્દન સફાઈથી બોલવા લાગ્યા.



Scanned by CamScanner

૧૪.

# ભોજનની વ્યવસ્થા

નાગપુરથી લાવેલા પરિચયપત્રને લીધે કેશવરાવને મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો. એમની રહેવાની સગવડ પણ થઈ, પણ એમની ભોજનની વ્યવસ્થા બરાબર થતી નહોતી. એમણે એક યુક્તિ કરી. તેઓ એક વીશીમાં જવા લાગ્યા. એમની પડછંદ કાયા, ભીમ જેવો આહાર અને મીઠો સ્વભાવ જોઈ વીશીનો માલિક તેમના ઉપર બહુ ખુશ થયો. એ એમને બહુ પ્રેમપૂર્વક જમાડતો. કેશવરાવ સામાન્ય માણસ કરતાં ત્રણ ગણો, ચાર ગણો ખોરાક લેવા માંડ્યા. થોડા દિવસ પછી એમણે વીશીવાળાને કહ્યું. અહીં આવવા જવામાં મારો બહુ સમય જાય છે. તમે મને ઘેર ડબો મોકલી શકશો ?

વીશીવાળો બોલ્યો, 'જરૂર મોકલીશ. હું જ તમને એ કહેવાનો હતો. તમે જમો છો ત્યારે આજુબાજુના લોકો તમારા તરફ જોતા રહે છે. તમને નજર લાગવાનો સંભવ છે. સામાન્ય દરથી હું તમને ચાર ગણું ભોજન મોકલીશ. તમે તમારો વ્યાયામ છોડતા નહીં. તમારા જેવા બળવાન તરુણ મને બહુ ગમે છે !'

કેશવરાવની રૂમમાં મોટો ડબો આવવા માંડ્યો. કેશવરાવ અને એમનો મિત્ર બંનેનું ભોજન એમાંથી થતું. એ ડબાના પૈસા મિત્ર આપવાનો હતો. એટલા જ પૈસાથી હવે બંનેનું ભોજન થતું.



Scanned by CamScanner

# ૧૫
# નિર્ભયતા

એક વખત ઉનાળાની રજાઓમાં કેશવરાવ નાગપુર આવ્યા. થોડા દિવસ ત્યાં રહીને યવતમાળ ગયા. એ વખતે યવતમાળનો અંગ્રેજ કલેક્ટર બહુ અભિમાની હતો. એની એવી ઈચ્છા રહેતી કે એની સામેથી જનારા દરેક માણસે એને સલામ કરવી જોઈએ અને એની સામે હાથ જોડીને ઊભા રહેવું જોઈએ.

એક દિવસ સાંજના સમયે કેશવરાવ એમના મિત્રો સાથે ફરવા નીકળ્યા. એ જ વખતે સામેથી કલેક્ટર સાહેબ આવતા હતા. કલેક્ટર સાહેબ નજીક આવ્યા ત્યારે યવતમાળમાં જ રહેનારા એક મિત્રે કેશવરાવને કહ્યું કે, 'કેશવરાવ, અમારા જિલ્લાના પ્રમુખ અધિકારી આવે છે એમને પ્રણામ કરો. એમણે અહીં બધા ઉપર એ રીત ઠોકી બેસાડી છે.'

કેશવરાવે તરત જ એ મિત્રને કહ્યું, 'આ કઈ જાતની રીત ? નમસ્કાર કરવાની બાબતમાં કોઈ આપણા ઉપર જબરજસ્તી કેવી રીતે કરી શકે !'

કેશવરાવ પ્રણામ કર્યા વગર આગળ ધપી ગયા ત્યારે સાહેબની આસપાસ હંમેશ રહેનારા એક ખુશામતિયા અધિકારી કેશવરાવની પાસે આવી એમને કહેવા લાગ્યા, 'તમે અહીં અજાણ્યા લાગો છો ! આ અહીંના કલેક્ટર સાહેબ છે. એમને નમસ્કાર કરો. નાના લોકોએ મોટાને નમસ્કાર કરવા એ સારું હોય છે. અધિકારીઓની મરજી પ્રમાણે વર્તવું એ લાભદાયક હોય છે.'

એટલે જરા અવાજ ઊંચો કરી કેશવરાવ અંગ્રેજીમાં બોલવા લાગ્યા. એમણે



Scanned by CamScanner

કહ્યું કે, 'ઓળખાણવાળા વડીલ લોકોને અથવા વડીલ સગાસંબંધીઓને આપણે પ્રણામ કરીએ છીએ એ વાત અમને સમજાવવી પડતી નથી. આ દેશનો એ શિષ્ટાચાર જ છે, પણ આમની અને મારી સામાન્ય ઓળખાણ પણ નથી. એ આપણા દેશના નથી. આપણા ધર્મના પણ નથી. એ તો ઠીક, એમની પ્રતિષ્ઠા પણ સાધારણ જ છે. એક વાત આપ ધ્યાનમાં રાખજો. પ્રણામ આદરને લીધે કરવામાં આવે છે અને આદર યાચનાથી અથવા જબરજસ્તીથી નિર્માણ થતો નથી. પોતપોતાની કાર્યક્ષમતા પ્રમાણે એ આપમેળે જ મળતો હોય છે. ખોટો આદર બતાવવો એ ઢોંગ છે, એ પાપ છે એમ હું સમજું છું.'

એ ખુશામતિયા અધિકારી ખૂબ ગભરાયા. આ પરિસ્થિતિમાં શું કરવું અને શું બોલવું એની મૂંઝવણમાં એ પડ્યા. એટલામાં કલેક્ટર સાહેબ પોતે આગળ આવીને બોલ્યા, 'આ યુવકનું કહેવું ધ્યાનમાં લેવા જેવું છે. આ કોઈ બહારનો દેખાય છે. જવા દો એને.'

એટલે એ વાત ત્યાં જ અટકી. કડક અંગ્રેજી રાજ્યનો તે કાળ હતો. અંગ્રેજોની જ્યાં ત્યાં બધે ધાક હતી. અંગ્રેજ અધિકારીઓ સામે ઊભા રહેતાં મોટા મોટા સામાન્ય નાગરિકો પણ ગભરાતા. આવી પરિસ્થિતિમાં કેશવરાવે બતાવેલી નિર્ભયતા યવતમાળના લોકોને બહુ પ્રશંસનીય લાગી.

Scanned by CamScanner

# ગુપ્તચર પોલીસની કનડગત

એ સમયે બંગાળમાં બધે જ ક્રાંતિનો ગરમ પવન ફૂંકાતો હતો. દેશભક્ત તરુણો ગુપ્ત મંડળો ચલાવતા હતા. બૉંબ કેવી રીતે બનાવવા, પિસ્તોલો કેવી રીતે ફોડવી એની તાલીમ લેતા હતા. અંગ્રેજોનું રાજ્ય ઉથલાવી નાખવાના ઉદ્દેશથી તેઓ કાવતરાં ગોઠવતા હતા. કેશવરાવ પણ એવા જ એક ગુપ્તમંડળના સભ્ય બન્યા. એમની પાછળ હંમેશાં ગુપ્ત પોલીસ ફરતી.

એક વખત તેઓ રસાયણશાસ્ત્રના એક પ્રાધ્યાપકને ત્યાં ગયા. એમની સાથે એમના ત્રણ ચાર મિત્રો પણ હતા. મધ્યરાત્રિ વીતી ગઈ ત્યારે એમનો એ દિવસનો પ્રયોગ પૂરો થયો. બધું પૂરું કરીને તેઓ ઘેર જવા માટે દાદરો ઉતરવા લાગ્યા. એક ગુપ્તચર પોલીસ કેશવરાવની રાહ જોતો દાદરમાં જ ઊંઘી ગયો હતો. ઉતરનારા માણસોનો ધક્કો એને લાગવાથી એ ગભરાયો અને નાસવા લાગ્યો. કેશવરાવના મિત્ર એની પાછળ દોડ્યા. એમણે એને પકડ્યો અને એને મારવા જતા હતા, એટલામાં કેશવરાવ આગળ આવ્યા અને કહેવા લાગ્યા કે, 'જવા દો, મારશો નહીં એને. આપણી સંભાળ લેનારો એ આપણો એક મિત્ર જ છે. એ છે, તેથી જ સરકારને આપણે વિશે વધુ જાણવા મળતું નથી.' એ ગુપ્તચર પોલીસ પાસેથી પૈસા ખરચાવી એમણે નાસ્તા માટે વાનગીઓ મંગાવી અને આમોદ પ્રમોદ કરતાં કરતાં એમણે એ સારી રીતે ઝાપટી.

ડૉ. હેડગેવારની પાછળ ઠેકઠેકાણે સરકારે અનેક ગુપ્તચર પોલીસ રાખ્યા હતા. કેશવરાવની તીક્ષ્ણ નજર એમને તરત જ પારખી લેતી, પણ કેશવરાવ કદી એમનો તિરસ્કાર કરતા નહીં. એમની સાથે પ્રેમભર્યો વર્તાવ કરી એ એમને પોતાના કરી લેતા.

Scanned by CamScanner

૧૭

# સેવાકાર્ય

બંગાળ પ્રાંત આપણા દેશમાં સૌથી મોટી નદીઓનો પ્રાંત છે. ગંગા અને બ્રહ્મપુત્રા આ બે મહાન નદીઓનો સંગમ એ જ પ્રાંતમાં થાય છે. આ બે મોટી નદીઓને અનેક નાની મોટી નદીઓ મળે છે. ચોમાસામાં આ બધી નદીઓમાં પૂર આવે છે. ૧૯૧૩ની સાલમાં બહુ મોટું પૂર આવ્યું. બધે પાણી ફરી વળ્યું. ગામો તણાઈ ગયાં. ખેતરો તણાઈ ગયાં અને હજારો લોકો માર્યા ગયા. એ વખતે અંગ્રેજોનું રાજ્ય હતું. ભારતમાં ગમે તેટલા લોકો મરી જાય તો પણ તેમને કંઈ દુઃખ થતું નહીં.

એ વર્ષે મહાપૂરને લીધે બધે ઠેકાણે હાહાકાર મચી ગયો. કોલકત્તામાં રસ્તા પર લોકો ખુલ્લા શરીરે ફરતા હતા. એ પોતાની યાતનાઓ કહેતા હતા એ દુઃખોની વાતો કેશવરાવે સાંભળી, એમનાથી રહેવાયું નહીં. એમનું મન ભણવામાં ચોંટે નહીં, ખાવા પીવાનું સૂઝે નહીં. એ ઊઠ્યા અને રામકૃષ્ણ આશ્રમમાં ગયા. એમણે પોતાનું નામ સેવાપથકમાં નોંધાવ્યું.

સેવાપથક સાથે કેશવરાવ બંગાળનાં અનેક ગામોમાં ફર્યા. ગામેગામ જઈ એમણે ભૂખ્યા લોકોને અનાજ આપ્યું. પ્રાણની પરવા કર્યા વગર એમણે સેંકડો લોકોને ડૂબતાં બચાવ્યા. તરવામાં તેઓ ખૂબ પાવરધા હતા. તેઓ બહુ ચપળતાથી અને વેગથી તરતા. એમનું શારીરિક બળ અસાધારણ હતું. એક જ વખતે તેઓ બબ્બે માણસોને ટેકો આપતા. બંગાળી ભાષા તેઓ તદ્દન સહજ રીતે બોલી શકતા. ઊંઘ્યા વગર, અટક્યા વગર સતત બે દિવસ તેઓ કામ કરતા. એમનો ચહેરો હંમેશાં આનંદી રહેતો. એમને કામ કરતા જોઈ બીજા લોકોની આળસ પણ ખંખેરાઈ જતી. એમની સાથે કામ કરનારાઓએ સ્વાભાવિક રીતે કેશવરાવની સામે એમનું માથું ઝુકાવ્યું. એમને કહ્યું, 'અરે, આ કેશવ તો સેવાનો મહાન આદર્શ છે.' બીજા કેટલાકે કહ્યું, 'દેશભક્તિના પાઠ આપણે કેશવ પાસેથી શીખવા જોઈએ !'



Scanned by CamScanner

# અરે ! તું માણસ છે કે રાક્ષસ ?

મેડિકલ કૉલેજની વાત છે. એક વખત એક વિષયના પ્રાધ્યાપક આવ્યા નહોતા. વિદ્યાર્થીઓના અલગ અલગ ગટ પડ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓ ચર્ચા કરતા હતા, કેટલાક વાંચતા લખતા હતા. કેટલાક સ્વસ્થ બેઠા હતા.

ઘોષ નામના એક વિદ્યાર્થીને એની શક્તિનું બહુ અભિમાન હતું. એ કેશવરાવ પાસે આવ્યો અને બોલ્યો, 'હેડગેવાર, તમે ખૂબ વ્યાયામ કરો છો એમ સાંભળ્યું છે. મારા બાવડા ઉપર મુક્કો મારો અને જોવા દો તમારી તાકાત !'

કેશવરાવે એને કહ્યું, 'પહેલાં તમે મારા બાવડા ઉપર મુક્કીઓ મારો, પછી હું તમારા બાવડા ઉપર મુક્કીઓ મારીશ.'

ઘોષ મહાશય તૈયાર થયા. કેશવરાવે પોતાનો માંસલ બાહુ ઊંચો કર્યો અને એની સામે ધર્યો. ઘોષબાબુ મુક્કા મારવા લાગ્યા. પોતપોતાનાં કામ છોડી વર્ગના બધા છોકરાઓ એમની આસપાસ ભેગા થયા.

ઘોષબાબુ ધડાધડ મુક્કા મારતા હતા. દસ, વીસ, ત્રીસ, પચાસ, સો મુક્કા મારી છતાં કેશવરાવે સીસકારો પણ કર્યો નહીં. મારતાં મારતાં ઘોષબાબુ થાકી ગયા, પણ કેશવરાવ હઠ્યા નહીં. છેવટે ઘોષબાબુએ હાથ જોડીને કહ્યું, 'અરે ! તું તો માણસ છે કે રાક્ષસ ? તું છે કોણ ?'

એ સાથે આખો વર્ગ જોરથી હસી પડ્યો. ઘોષબાબુ કેશવરાવને જોરથી બાઝી પડ્યા.

Scanned by CamScanner

# ભીમબળની ધાક

કોલકત્તામાં મેડિકલ કૉલેજના, બીજા પ્રાંતના બધા વિદ્યાર્થીઓ એક મોટા મકાનમાં રહેતા હતા. આસપાસના કેટલાક લોકોને એ પસંદ નહોતું. એવા પાડોશીઓએ રાતના વખતે પથરા મારવાની શરૂઆત કરી. એ ઘરમાં રહેનારા વિદ્યાર્થીઓમાંથી કેટલાક મોટા ઘરના છોકરાઓ હતા. એ ઉંમરમાં પણ મોટા હતા. એમણે મહોલ્લાના કેટલાક લોકોને મળીને સમજાવી જોયા, પણ પથ્થર મારવાનું બંધ થયું નહીં.

કેટલાક વિદ્યાર્થીઓ ડરી ગયા. એક જણે કહ્યું, 'પારકા પ્રાંતમાં આપણે કોઈની સાથે ઝઘડામાં ન ઉતરવું જોઈએ.' બીજાએ કહ્યું, 'આ ભૂતચેષ્ટા તો નહીં હોય !' ત્રીજાએ કહ્યું, 'આપણે બીજું મકાન શોધી લઈએ !'

કેશવરાવે કહ્યું, 'ગભરાશો નહીં. આ કામ મારા પર છોડી દો. પથ્થર બંધ થાય છે કે નહીં તે, હું જોઈશ.'

એ રાતે ઘર ઉપર પહેલો પથ્થર પડ્યો કે તરત જ કેશવરાવ દોડતા દોડતા સડક ઉપર આવ્યા. સામે નજરે ચઢ્યો એ પહેલા જ માણસને મારવા લાગ્યા. એ માણસ રડવા લાગ્યો. બરાડા પાડવા લાગ્યો, 'મરી ગયો ! મરી ગયો ! બચાવો ! બચાવો !'

એ સાંભળી મહોલ્લાના અનેક માણસો ત્યાં ભેગા થયા, પણ ઉગ્ર રૂપ ધારણ કરેલા ભીમ શરીર સામે જવાની કોઈની હિંમત ચાલી નહીં. છેવટે એક બે જણા આગળ આવ્યા અને કહેવા લાગ્યા, 'મહાશય, એને કેમ મારો છો ? એણે તમારું શું બગાડ્યું છે ?'

કેશવરાવે મારવાનું બંધ કર્યું. એ બધાની વચ્ચે ઊભા રહ્યા અને જોરદાર શબ્દોમાં બોલ્યા, 'અમે તમારા મહોલ્લામાં રહીએ છીએ. અમારા ઘર ઉપર રાતે પથ્થર પડે છે અને તમે જોતા રહો છો અને અમે કંઈ જાણતા નથી એમ કહો છો ! આ ચાલશે નહીં. તમે બધા આને માટે જવાબદાર છો. પથ્થર મારવાનું અટકશે નહીં તો હું રોજ એક એકને પકડીને માર મારવાનો છું.'

કેશવરાવનો આવેશ અને એમનું પોલાદી શરીર જોઈ એ બધા લોકો ઘીસ ખાઈ ગયા. એ દિવસથી પથ્થર પડવાનું બંધ થઈ ગયું.



Scanned by CamScanner

# જીભ ખેંચી લઈશ !

એ સમયે કોલકત્તામાં મૌલવી લિયાકત હુસેન નામના આગેવાન હતા. એમની વય ૬૦ વર્ષની હતી, પણ એ અતિશય ઉત્સાહથી, વ્યવસ્થિત રીતે અને નિઃસ્વાર્થ બુદ્ધિથી કામ કરતા. એ લોકમાન્ય ટિળકના પરમ ભક્ત હતા. એક મઝાના પ્રસંગને લીધે એમની અને કેશવરાવની મિત્રતા બંધાઈ.

કેશવરાવ એક વખત એક સભામાં ગયા હતા. એ સભામાં એક વક્તા દેશની પરિસ્થિતિ ઉપર ભાષણ કરતા હતા. બોલતાં બોલતાં લોકમાન્ય ટિળક વિશે એણે ખરાબ શબ્દો ઉચ્ચાર્યા. એ સાંભળતાં જ કેશવરાવ એકદમ ઊભા થયા અને એ વક્તાના ગાલ ઉપર જોરથી તમાચો ચોઢી દીધો. સભામાં હાહાકાર મચી ગયો. કેટલાક લોકો કેશવરાવ તરફ ધસી ગયા પણ એમનો આવેશ અને તેમની સાથે એમના મિત્રો ઊભા હતા એ જોઈને કોઈની આગળ આવવાની હિંમત ચાલી નહીં, થોડી ગરબડ થઈ અને સભા પૂરી થઈ.

મૌલવી લિયાકત હુસેન ત્યાં હતા. એ તરત કેશવરાવ પાસે ગયા અને એમની પીઠ થાબડીને બોલ્યા, 'શાબાશ, તરુણ હોય તો આવો હોવો જોઈએ ! હું પણ તમારી માફક ટિળક - ભક્ત છું. હવે આપણે સાથે કામ કરીશું.'

એ પછી મૌલાના લિયાકત હુસેનની અનેક સભાઓમાં કેશવરાવ ભાષણ કરતા હતા. પોતાના મિત્રોને સાથે લઈ એમણે કાઢેલાં સરઘસોમાં પણ ભાગ લેતા. ઊંચી લાકડી પર ફરકતો ભગવો ધ્વજ હાથમાં પકડી કેશવરાવ બધાની આગળ ચાલતા.

સરઘસની માફક એ પોતાના અભ્યાસમાં પણ બધાની મોખરે રહેતા. એમને હંમેશાં ૧૦૦માંથી ૯૦, ૯૫ કરતાં વધારે ગુણ મળતા. અનેક જાતની પ્રવૃત્તિઓ તેઓ કરતા. પૈસાની એમને હંમેશાં તકલીફ રહેતી. ચોપડીઓ અને નોટબુકોની પણ તકલીફ રહેતી, છતાં અભ્યાસમાં તે કદી પાછા નથી પડ્યા. એમની પ્રચંડ બુદ્ધિ અને એક સાથે અનેક કામો કરવાની એમની શક્તિ જોઈ બધા લોકો આશ્ચર્યચકિત થતા.



Scanned by CamScanner

# સુખીજીવનનો અસ્વીકાર

મેડિકલ કૉલેજના પ્રાચાર્ય પાસે બ્રહ્મદેશમાંથી એક માગણી આવી હતી. ત્યાંની એક મોટી સંસ્થાને સારો ડૉક્ટર જોઈતો હતો. પ્રાચાર્યે કેશવરાવને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'હેડગેવાર, પરીક્ષામાં સારી રીતે પાસ થવા માટે હું તમારું અભિવાદન કરું છું.'

કેશવરાવે નમ્રતાથી કહ્યું, 'સાહેબ, આપની કૃપાનું જ એ ફળ છે. એ માટે હું આપનો જેટલો આભાર માનું એ ઓછો જ પડશે.'

પ્રાચાર્ય બોલ્યા, 'હેડગેવાર, તમારે માટે એક વિશેષ તક ઊભી થઈ છે. એનો તમે અવશ્ય લાભ ઉઠાવો, એમ મને લાગે છે. બ્રહ્મદેશમાં એક મોટી હૉસ્પિટલમાં એક સારા ડૉક્ટરની જરૂર છે. એ બહુ મોટો પગાર આપવાના છે. હું એમને તમારું નામ સૂચવું છું.'

કેશવરાવે કહ્યું, 'સાહેબ, ક્ષમા કરો. હું ત્યાં જઈ શકું એમ નથી.'

પ્રાચાર્ય બોલ્યા, 'હેડગેવાર, તમે આ સારી તક કેમ ગુમાવો છો ? તમે પર પ્રાંતમાં જતાં ડરો એવા તો નથી. ઠીક, ઘેર જઈ મોટું દવાખાનું ઉઘાડી શકો એવી તમારી સ્થિતિ નથી. તો તમે આ નોકરી સ્વીકારવાની ના કેમ પાડો છો ?'

કેશવરાવે કહ્યું, 'મહોદય, પરપ્રાંતમાં જવાનો અથવા પૈસા ઓછા વત્તા મળવાનો અહીં સવાલ નથી. મેં મારું સમગ્ર જીવન ભારતમાતાના ચરણમાં સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો છે. હું નોકરી કદી કરવાનો નથી. ખાનગી દવાખાનું કદાચ કાઢું, પણ ઘણુંખરું તો એવું પણ કરવાનો નથી... ચારે બાજુએ કરવા જેવાં એટલાં બધાં કામો છે કે તે કરતાં કરતાં પોતાનો ધંધો કરવા માટે મને વખત જ મળશે નહીં.'



Scanned by CamScanner

પ્રાચાર્ય બોલ્યા, 'તો બૈરી છોકરાંનું શું થશે ?'

કેશવરાવે શાંતપણે જવાબ આપ્યો, 'મેં લગ્ન ન કરવાનો નિશ્ચય કર્યો છે.'

પ્રાચાર્ય બોલ્યા, 'હેડગેવાર, હજી તમે તરુણ છો. આ ઉંમરમાં મનમાં મોટા મોટા તરંગો ઊઠતા હોય છે. આકાશને આંબવાની આ ઉંમરમાં ઉમેદ હોય છે, પણ વખત જતાં ઊભરો બેસવા માંડે છે. કોઈ સાથ આપતું નથી ત્યારે મનમાં હતાશા આવે છે. એક વખત આવેલી તક ગુમાવવા માટે પશ્ચાત્તાપ થાય છે, દુ:ખ થાય છે. આવું તમારી બાબતમાં ન થવું જોઈએ એવું મને લાગે છે. તમારા મનમાં જે દેશપ્રેમ છે એ જોઈ મને બહુ આનંદ થાય છે, પણ જેને દેશસેવા કરવી છે એ કુટુંબ કબીલો સંભાળીને પણ કરી શકે છે અને આપણો વ્યવસાય તો લોકસેવાનો જ છે.'

કેશવરાવે કહ્યું, 'સાહેબ, આપણા દેશની સ્થિતિ એટલી બગડી છે કે મારા જેવા હજારો તરુણ કુટુંબ કબીલો છોડી બહાર નીકળે એવી આવશ્યકતા છે. ભણેલા ગણેલા તરુણોએ દેશના કાર્યમાં પોતાની જાતને સમર્પિત કરવી જોઈએ. શહેરોમાં, ગામડાંઓમાં, વનવગડામાં જ્યાં જઈએ ત્યાં કામના ઢગલા પડ્યા છે. ભારતમાતા આપણને બોલાવે છે. માતાનો સાદ સાંભળીને મેં મારો ભવિષ્યનો માર્ગ નક્કી કર્યો છે. હું ભાવનાવશ થઈને આમ બોલતો નથી. પૂરો વિચાર કરીને મેં મારા જીવનનું ધ્યેય નક્કી કર્યું છે.'

પ્રાચાર્ય બોલ્યા, 'શાબાશ, હેડગેવાર તમારા વિચાર સાંભળી મને ખૂબ આનંદ થાય છે. તમારામાં અનેક સદ્‌ગુણો છે, એમનો ઉત્તમ ઉપયોગ થાય એ જ મારી ઈચ્છા છે.'

કેશવરાવે કહ્યું, 'ધન્યવાદ, આપના આશીર્વાદથી હું મારું જીવન સત્કાર્યમાં જ વાપરીશ.'

પ્રાચાર્યે કહ્યું, 'તમને મારા પૂર્ણ આશીર્વાદ છે.'

ત્યાર પછી થોડા સમયમાં જ કેશવરાવ હેડગેવારે કોલકત્તા છોડ્યું અને નાગપુર આવ્યા.



Scanned by CamScanner

# મારું વ્રત છે : દેશસેવા !

ડૉક્ટર હેડગેવાર નાગપુર આવ્યા, પણ એ ઘેર ગયા નહીં. એનું એક કારણ એવું હતું કે એમના મોટા ભાઈ મહાદેવ શાસ્ત્રીને ડૉક્ટરની પ્રવૃત્તિઓ બિલકુલ પસંદ નહોતી. એ ડૉક્ટરના મિત્રોને કહેતા, 'અરે ! એને કહો કે કંઈક નોકરી ધંધો કરે, ઘર તરફ ધ્યાન આપે, લગ્ન કરે અને સુખેથી રહે. નોકરી ન કરવી હોય તો એને કહો કે દવાખાનું કાઢે, પણ આ નકામી ભાંજગડો છોડી દે. કોઈ દિવસ ભયાનક સંકટ આવી પડશે ત્યારે આંખો ઉઘડશે. મહાદેવ શાસ્ત્રીનો મત આવો હતો : આપણે અને આપણું કુટુંબ ! પૈસો કમાવો. પોતે સુખમાં રહેવું અને કુટુંબને સુખી કરવું એમ એમને લાગતું હતું. એ ક્રોધી સ્વભાવના હતા, પણ કેશવ પણ એમનો જ ભાઈ છે એ પણ એ જાણતા હતા. તેથી ડૉક્ટરને એ પોતે કદી કંઈ કહેતા નહીં, પણ સગાંવહાલાં અને મિત્રો દ્વારા એમને કહેવડાવતા. ડૉક્ટર એમનો અનાદર કરતા નહીં. સામસામી બોલાચાલી ન થાય એટલા માટે એ ઘરે પણ ઓછું રહેતા.

એટલામાં અચાનક નાગપુરમાં પ્લેગ શરૂ થયો. શહેર છોડીને અનેક લોકો ગામની બહાર ખેતરોમાં રહેવા ગયા, પણ મહાદેવ શાસ્ત્રી હઠીલા સ્વભાવના હતા. એમણે પોતાનું ઘર છોડ્યું નહીં. 'મને પ્લેગ શું કરવાનો છે ?' એમ તે લોકોને કહેતા. ડૉક્ટરે પણ એમને કહી જોયું, પણ એમણે સાંભળ્યું નહીં. છેવટે એમને એક દિવસ જોરથી તાવ ચઢ્યો. જાંઘમાં ગાંઠો થઈ. ડૉક્ટરે ઉપચાર માટે



Scanned by CamScanner

ખૂબ દોડધામ કરી, પણ કોઈ લાભ થયો નહીં. મહાદેવ શાસ્ત્રીએ આ લોકમાંથી વિદાય લીધી.

પ્લેગનું જોર નરમ પડ્યું. સીતારામ પંત અને ડૉક્ટર ઘેર પાછા આવ્યા. ઘર જેવું ને તેવું ઊભું હતું, પણ અનેક વસ્તુઓ ચોરાઈ ગઈ હોવા છતાં, ડૉક્ટરનું એ તરફ ધ્યાન જ નહોતું. સીતારામ પંત ગોરપદું કરવા લાગ્યા. થોડા વખત પછી એમનું લગ્ન થયું, પછી લોકો ડૉક્ટર વિશે પૂછવા લાગ્યા, શરૂશરૂમાં તો 'પછી જોઈશું, હમણાં લગ્ન કરવાનો વિચાર નથી' એવો ઉત્તર ડૉક્ટર આપતા પણ કેટલાક લોકો વારંવાર ભાઈને મળવા લાગ્યા. રામપાયલી જઈ કાકાને મળવા લાગ્યા. દહેજની મોટી મોટી રકમો બોલવા લાગ્યા, અનેક પ્રલોભનો બતાવવા લાગ્યાં.

છેવટે ડૉક્ટરે ભાઈને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું અને કાકાને પણ જણાવ્યું, 'હું આજીવન દેશસેવા કરવાનો છું. એટલા માટે લગ્ન ન કરવાનો મેં નિર્ધાર કર્યો છે. રાષ્ટ્રકાર્ય કરતી વખતે ગમે ત્યારે જિંદગી પર સંકટ આવી શકે છે, બીજાં સંકટો પણ આવી શકે છે. આ બધું જાણવા છતાં કોઈ છોકરીનું જીવન મારે શા માટે બરબાદ કરવું જોઈએ ?'

ત્યાર પછી કોઈએ કદી લગ્નનો વિષય છેડ્યો નહીં. સીતારામ પંત અને ડૉક્ટરના સ્વભાવ એકબીજાને અનુકૂળ હતા. જે કંઈ ટાઢોસૂકો રોટલો મળે એ ખાઈ બંને આનંદમાં રહેતા, પણ હવે ડૉક્ટરનું ઘરમાં રહેવાનું બહુ જ ઓછું થતું ગયું.

Scanned by CamScanner

# ગુપ્ત કાવતરું

યુરોપના મહાયુદ્ધમાં એકદમ વેગ આવ્યો હતો. અનેક ઠેકાણે અંગ્રેજોનો પરાજય થતો હતો. હિન્દુસ્થાનમાં અંગ્રેજોનું સૈન્ય બહુ ઓછું હતું. બંગાળના ક્રાન્તિકારીઓએ આ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું નક્કી કર્યું. મધ્યપ્રદેશ, વરાડ વગેરે ભાગોમાં ક્રાંતિકારીઓની જાળ બિછાવવાનું કામ ડૉક્ટર હેડગેવારને સોંપવામાં આવ્યું. નાગપુરમાં ભાઉજી કાવરે નામના વૈદ્ય હતા. એ ડૉક્ટરના પરમ મિત્ર હતા. બંનેએ મળીને આખા પ્રાંતમાંથી લોકોને ભેગા કરવાનું કામ શરૂ કર્યું. લગ્ન, જનોઈ, નાના મોટા અનેક ધાર્મિક અને સામાજિક ઉત્સવોનું નિમિત્ત શોધી ડૉક્ટર ગામેગામ ઘૂમતા હતા. સારા તરુણોને પસંદ કરી એમને કામે લગાડતા. ગામ ગામના તેજસ્વી તરુણો એકઠા થવા લાગ્યા. ગુપ્ત કાવતરાં રચાવા લાગ્યાં. પૈસા ભેગા થવા લાગ્યા. એ પછી તુરત એક જિલ્લામાંથી નાની નાની ટોળીઓ પિસ્તોલ અને બૉંબનું શિક્ષણ મેળવવા પંજાબમાં જવા લાગી. ગામેગામથી પૈસા એકઠા કરી બંદૂકો ખરીદવી, એ શસ્ત્રોને બરાબર સાચવી રાખવાં, એકાંત જગ્યાઓમાં નિશાન તાકવાની તાલીમ લેવી, એવી પ્રવૃત્તિઓ શરૂ થઈ.

નાગપુર શહેર પાસે કામઠી નામનું ગામ છે. ત્યાં લશ્કરી છાવણી હતી. ત્યાંના અનેક સૈનિકો અને કર્મચારીઓ સાથે આ ક્રાંતિકારીઓએ ગુપ્ત સંબંધો બાંધ્યા હતા. ત્યાંથી ડૉક્ટરે અનેક બંદૂકો મેળવી હતી. અનેક ખાનગી માહિતીઓ પણ એમને ત્યાંથી મળતી.



Scanned by CamScanner

એક વખત એવી ખબર મળી કે એક આગગાડીમાં દારૂગોળાનો મોટો જથ્થો બહારગામ મોકલવામાં આવતો હતો. તરત જ યોજના ઘડાઈ. એ ગાડીને નાગપુર સ્ટેશન પર અટકાવવામાં આવી. સૈનિક અધિકારીઓ આવ્યા. રક્ષક સૈનિકોએ એમનું સ્વાગત કર્યું. એ અધિકારીઓએ હુંકમ કર્યો. દારૂગોળાની કેટલીક પેટીઓ નીચે ઉતારવામાં આવી અને મોટરોમાં મૂકવામાં આવી. ગાડી નીકળી ગઈ, પછી અધિકારીઓને શંકા આવી. નાગપુર સ્ટેશન પરના એ લશ્કરી અધિકારીઓ કોણ હતા ? એમણે કેટલીક પેટીઓ કેમ ઉતારી લીધી ? એ પેટીઓ ક્યાં ગઈ ? અંગ્રેજ અધિકારીઓએ ખૂબ તપાસ કરી પણ એમને કંઈ જ જાણવા મળ્યું નહીં. ડૉક્ટરની યોજના બહુ જ પાકી રહેતી. એમણે પોતાની ગતિવિધિની કોઈ નિશાની રહેવા દીધી નહોતી.

કેટલાક લોકોને ગોવા મોકલવામાં આવ્યા. ત્યાંથી એક વહાણમાં યુરોપનાં શસ્ત્રાસ્ત્રો ભારતમાં આવવાનાં હતાં. ડૉ. હેડગેવારે એમણે કરેલાં બધાં કામોની જાણ ડૉક્ટર મુંજેને કરી. ડૉક્ટર મુંજેનો પત્ર લઈ એ પુણે ગયા અને ત્યાં લોકમાન્ય ટિળકને એમની બધી કલ્પનાઓ અને યોજનાઓ કહી, પછી એ શિવનેરી કિલ્લા પર ગયા. શિવાજી મહારાજના જન્મસ્થાનનાં એમણે દર્શન કર્યાં, ત્યાં બધું ખંડેર જેવું હતું. એ સ્થાનની એવી હાલત જોઈ ડૉક્ટરને બહુ દુઃખ થયું. એમના મનમાં વિચાર આવ્યો કે 'અરે રે ! ભારતવર્ષની સ્થિતિ પણ બરોબર આવી જ થઈ છે ને ?'



Scanned by CamScanner

# અપયશનું ઝેર પચાવનારો નીલકંઠ

૧૯૧૮ની સાલમાં યુરોપનું યુદ્ધ પૂરું થયું. જર્મની હાર્યું. અંગ્રેજો વિજયી થયા. પરિણામે એ ઉન્મત્ત બન્યા. એમણે કડક કાયદા બનાવ્યા. એમની બધી ફોજો હિન્દુસ્થાનમાં આવી, ક્રાંતિકારીઓના નેતાઓને ગિરફતાર કરવામાં આવ્યા. એમની ચળવળ ઠંડી પડી. લોકો નિરાશ થયા. અંગ્રેજોનો જુલમ વધતો ગયો. મોટા મોટા લોકો ભયભીત બન્યા. છેવટે ડૉક્ટર હેડગેવારે જેટલી દૃઢતાથી અને કુશળતાથી ચળવળ ઉપાડી હતી એટલી જ દૃઢતાથી અને કુશળતાથી એ ચળવળ સમેટી લીધી.

એમના એક સહકારીએ એમને કહ્યું, 'ડૉક્ટર, આટલી મોટી નિષ્ફળતા મળી, મોટા મોટા લોકો હિંમત હારી ગયા, પણ તમે જરાયે નિરાશ થયેલા દેખાતા નથી. એનું કારણ શું ?'

ડૉક્ટરે એમને કહ્યું, 'અપયશના પાયા ઉપર યશનાં મંદિરો ઊભાં થાય છે. આવાં વાક્યો આપણે બોલીએ છીએ એ કેવળ ભીંતોની અથવા ભાષણોની શોભા વધારવા માટે હોય છે ? સાધ્ય કરતાં જેઓ સાધનને જ વધુ પ્રેમ કરે છે તેઓ અપયશ મળતાંની સાથે જ નાસીપાસ થતા નથી. તેઓ નવા નવા માર્ગ શોધી કાઢે છે. આપણે તો ભગવાન શંકરના ઉપાસકો છીએ. એણે ભયંકર હળાહળ ઝેર પચાવ્યું હતું તો આપણે શું આવી નાની નાની નિષ્ફળતાઓ નહીં પચાવી શકીએ ? એ આપણે પચાવવી પડશે. એનો અભ્યાસ કરીને જૂની ભૂલો ફરીથી ન થાય એની કાળજી લેવી જોઈએ. એ મથામણમાંથી જ એકાદો સારો માર્ગ આપણને જડશે.'



Scanned by CamScanner

## ૨૫

# લોકસંગ્રહની તાલાવેલી

૧ ઑગસ્ટ, ૧૯૨૦ને દિવસે લોકમાન્ય ટિળકનું અવસાન થયું. એ વર્ષે કૉંગ્રેસનું અધિવેશન નાગપુરમાં ભરાવાનું હતું. ટિળકના અવસાનથી અનેક લોકો હતાશ થતા હતા, પણ ડૉક્ટર હેડગેવાર બમણા વેગથી કામ કરવા લાગ્યા.

અધિવેશનના નિમિત્તથી એ ગામેગામ ફર્યા. પહેલાં ક્રાંતિકારી આંદોલનના નિમિત્તથી તેઓ આખા પ્રાંતમાં ફર્યા હતા. સેંકડો તરુણોને તેઓ મળ્યા હતા. એ જૂના સંબંધો ઉપર હવે નવો ઓપ ચઢ્યો હતો. તરુણોને મળવું અને એમના હૃદયમાં દેશસેવાની જ્યોત પ્રગટાવવી એ ડૉક્ટરનું અત્યંત પ્રિય કામ હતું.

ડૉક્ટર હેડગેવારની પ્રેરણાથી નાગપુરના ઉત્સાહી તરુણોએ એક ઠરાવ કર્યો. કૉંગ્રેસના અધિવેશન સાથે કૉલેજના વિદ્યાર્થીઓનું એક સંમેલન ભરવાનું એમણે ઠરાવ્યું. ગોખલે નામના એક ઉત્સાહી તરુણ કાર્યકર્તા આ સંમેલન માટે મહેનત કરવા અને એની બધી જવાબદારી ઉપાડવા તૈયાર થયા.

ગોખલે કામ કરવા ઉપડ્યા, પણ એમને જોઈએ એવી કોઈ મદદ મળી નહીં. મોટા મોટા આગેવાનોએ એમને એક સાદું પરિચયપત્ર આપવાની પણ ના પાડી. તરુણોના સંમેલન પ્રત્યે બધા ઉપેક્ષાથી જોતા હતા. મોટા મોટા ઠરાવો અને ભાષણોમાં જ બધાંનાં મન રોકાયેલાં હતાં. આવતી કાલની પેઢીનો વિચાર કરવાની કોઈને ફુરસદ નહોતી. દરેક જણ પોતાના પૂરતું જ વિચારતો હતો.

Scanned by CamScanner

છેવટે ગોખલે ડૉક્ટર હેડગેવાર પાસે આવ્યા. એમણે ગોખલેને કોલકત્તાથી માંડી મુંબઈ સુધી અને દિલ્હીથી માંડી ચેન્નઈ સુધી સેંકડો લોકોનાં સરનામાં આપ્યાં. અનેકોને એમણે વ્યક્તિગત પત્રો લખ્યા. આટલા બધા લોકો સાથે ડૉક્ટરનો નિકટનો સંબંધ આવેલો જોઈ ગોખલે બહુ આશ્ચર્યચકિત થયા.

એમણે કહ્યું, 'ડૉક્ટર સાહેબ, તમે તો કમાલ કરી. આટલાં બધાં નામ, સરનામાં, એ વ્યક્તિઓની નાની નાની બાબતો વગેરે તમારા ધ્યાનમાં કેવી રીતે રહી શકે છે ?'

ડૉક્ટરે ગમ્મતમાં કહ્યું કે, 'એટલા માટે મેં મારા મગજમાં એક ઑફિસ રાખી છે.'

ગોખલે બોલ્યા, 'ડૉક્ટર હું અનેક નાના મોટા નેતાઓને મળ્યો છું, પણ વ્યક્તિગત પરિચય, કામની સૂઝ, કાર્યકર્તાઓ વિશે આત્મીયતા, મદદ કરવાની તાલાવેલી વગેરે આટલા પ્રમાણમાં મને ક્યાંય દેખાયાં નથી.'

ડૉક્ટર હેડગેવાર ફક્ત હસ્યા.

Scanned by CamScanner

# ન્યાયાલયમાં

એ ઈ.સ. ૧૯૨૧નું વર્ષ હતું. જ્યાં જોઈએ ત્યાં અસહકાર ચળવળનાં મોજાં ઉછળતાં હતાં. ડૉક્ટર હેડગેવાર એ ચળવળો નિમિત્તે ગામેગામ ઘૂમ્યા. ભંડારા, ખાપા, કેળવદ, તળેગાંવ, દેવલી, વર્ધા જેવાં અનેક નાનાં મોટાં ગામોમાં એમનાં ઉગ્ર ભાષણો થયાં. સરકારે એમની સામે મનાઈ હુકમ ફરમાવ્યો, પણ એમણે એને ગણકાર્યો નહીં. એમનો ઝંઝાવાતી પ્રવાસ ચાલુ જ રહ્યો. ગામેગામ એમનાં ઓજસ્વી ભાષણો ચાલુ રહ્યાં.

છેવટે સરકારે એમને ગિરફ્તાર કર્યા. અસહકાર આંદોલનના કાર્યકર્તાઓ વકીલ રોકતા નહીં. પોતાના બચાવ માટે કંઈ બોલ્યા વગર ગુનો કબૂલ કરી લેતા, પણ ડૉક્ટરે પોતાનો બચાવ કરવાનું નક્કી કર્યું. વકીલ રોકવાનું પણ નક્કી કર્યું.

નાગપુરના અનેક પ્રખ્યાત વકીલ એમને માટે કામ કરવા લાગ્યા, પણ ન્યાયાધીશ સ્મેલી બહુ નીચ માણસ હતો. એ વકીલોનું ડગલે ને પગલે અપમાન કરવા લાગ્યો. એના વિરોધમાં બધા વકીલો ન્યાયાલય છોડીને નીકળી ગયા.

ત્યારે ડૉક્ટરે પોતાનો મુકદ્દમો પોતે જ લડવાનું નક્કી કર્યું. એમનાં કેટલાંક ભાષણોના અહેવાલ ઉપરથી એમના ઉપર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ડૉક્ટરે અહેવાલ લેનારા લોકોને અને સાક્ષીઓને ઉધડા લીધા. છેવટે બોલ્યા :



Scanned by CamScanner

'ન્યાયાલય સમક્ષ રજૂ કરેલાં મારાં ભાષણોનો વૃત્તાંત તદ્દન જૂઠો અને બદઈરાદાપૂર્વકનો છે. મારાં બધાં ભાષણોમાં મેં જે વિચારો મૂક્યા છે એ તદ્દન સીધા અને સાદા છે. અમારો દેશ પરતંત્ર છે. એને સ્વતંત્ર કરવો એ અમારું ધ્યેય છે. એને માટે પ્રયત્ન કરવો એ દરેક ભારતીયનું કર્તવ્ય છે. આજના અમારા રાજ્યકર્તાઓ દુષ્ટ અને ઢોંગી છે. મારી વાતો એમને ગળે કદી ઉતરશે નહીં. એ અમને કેવો ન્યાય આપી શકશે ? ભારતમાં અંગ્રેજી શાસન ન્યાય ઉપર આધારિત નથી. એ પાશવી બળ ઉપર આધારિત છે. દેશના લોકોએ પોતે પોતાને માટે ચલાવેલું શાસન એ જ સાચું શાસન હોય છે. બીજાં બધાં શાસનોમાં તદ્દન લુચ્ચાઈ છે. એ જનતાની છેતરપિંડી છે. મારા દેશબાંધવોના મનમાં માતૃભૂમિ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય એવો જ મેં હંમેશાં પ્રયત્ન કર્યો છે. આ મારો પ્રયત્ન જો રાજ્યકર્તાઓને ગમતો ન હોય તો એમના દિવસો હવે ભરાઈ ગયા છે. એમણે અહીંથી જલદી જવું પડવાનું છે, એ એમણે નિશ્ચિતપણે સમજી લેવું જોઈએ. મેં મારાં ભાષણોમાં મારા દેશબાંધવોના હક્કોનું હંમેશ સમર્થન કર્યું છે. એમ કરવું એ મારી ફરજ છે.'

એ ભાષણ સાંભળી ન્યાયાધીશ સ્મેલી બોલી ઊઠ્યા, 'અરે ભગવાન, તમારું ન્યાયાલય સામેનું આ ભાષણ તો ઉગ્રતાની બાબતમાં તમારાં બધાં ભાષણોથી ચઢી જાય એવું છે !'

સ્મેલીએ ડૉક્ટરને એક વર્ષની સખત કેદની શિક્ષા ફરમાવી.

Scanned by CamScanner

# ૨૭

## વિદાય

ન્યાયાલયમાંથી ડૉક્ટર બહાર આવતાં જ અનેક મિત્રોએ તેમને હાર પહેરાવ્યા, એમનો જયજયકાર કર્યો. ડૉક્ટરે એક નાનું સરખું ભાષણ કર્યું. એમણે કહ્યું, 'મિત્રો ! દેશસેવાનું વ્રત લીધા પછી જેલમાં જવાની તો શું ફાંસી ઉપર લટકવાની પણ આપણી તૈયારી હોવી જોઈએ, પણ આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ બધાં સાધનો છે. આ સાધનોનો ઉપયોગ કરી આપણે સ્વરાજ્ય મેળવવાનું છે. માણસ ઘણીવાર સાધનને જ પ્રેમ કરવા લાગે છે અને સાધ્યને ભૂલી જાય છે. આપણી બાબતમાં એમ ન થવું જોઈએ. આપણે જેલમાં હોઈએ કે બહાર હોઈએ આપણું કાર્ય આપણે સતત ચાલું રાખવું જોઈએ.'

'આપણે ખંતપૂર્વક કામ કરતા રહીશું તો આ પરદેશી રાજ્યસત્તા આપણા દેશમાં લાંબો સમય ટકી શકશે નહીં, એની મને પૂરી ખાતરી છે.'

'તમે સૌએ મારા પ્રત્યે પ્રેમ બતાવ્યો એ માટે હું તમારો આભાર માનું છું. અને એક વર્ષ માટે હું તમારા બધાની વિદાય લઉં છું.'

તાળીઓનો ગડગડાટ થયો. 'ભારત માતા કી જય !' 'ડૉક્ટર હેડગેવાર કી જય !'ની ઘોષણાઓથી આકાશ ગાજી ઊઠ્યું. ડૉક્ટરે હાથ જોડીને બધાને નમસ્કાર કર્યા અને પોલીસ સાથે ચાલવા લાગ્યા.



Scanned by CamScanner

## ૨૮

# જેલમાં

મોટા મોટા નેતાઓ જેલ બહાર હોય ત્યારે લાંબી લાંબી વાતો કરે છે, પણ જેલમાં ગયા પછી કેટલાક ઢીલા પડી જાય છે, કેટલાક ચીડિયા બની જાય છે, કેટલાકને ઘરની સતત યાદ આવે છે. પરોપકાર અને ત્યાગની વાતો કરનારા કેટલાક લોકો જેલમાં અતિશય સ્વાર્થી અને પોતાની સગવડો તરફ જ જોનારા બની જતા હોય છે.

ડૉક્ટર હેડગેવારને આ પહેલાં જેલમાં જવાનો પ્રત્યક્ષ અનુભવ નહોતો, પણ એમણે એ વિશે ખૂબ વાંચ્યું અને સાંભળ્યું હતું. વળી, એમનો સ્વભાવ ધીરગંભીર અને શાંત હતો. તે કદી અસ્વસ્થ થતા નહીં, કદી મૂંઝાતા નહીં કે ગભરાતા નહીં. તેથી જેલમાં તેમને કોઈ તકલીફ પડી નહીં.

એમની સાથે જેલમાં જે લોકો હતા એમાંનો એક માણસ બહુ ક્રોધી સ્વભાવનો હતો. ડૉક્ટર એને હંમેશાં શાંત રાખતા. બીજો એક જણ હંમેશ નિરાશ રહેતો. ડૉક્ટર તેને ઉત્સાહમાં આણતા. એક મુસલમાન પણ ત્યાં હતો. એક વખત તે ગાય વિશે ગમે તેમ બડબડવા લાગ્યો. એક ગરમ મિજાજના તરુણે અચાનક એની દાઢી પકડીને એના ગાલ પર એક જોરદાર તમાચો માર્યો. ડૉ. હેડગેવાર વચ્ચે પડ્યા, તેથી એ ઝઘડો ત્યાં જ અટકી ગયો.

આવા તો અનેક નમૂના જેલમાં હતા. ડૉક્ટર સાહેબ એ બધાને સાચવી



Scanned by CamScanner

લેતા. કોઈની પીઠ પર હાથ ફેરવીને, તો કોઈને વાર્તાઓ કહીને બધાને પ્રસન્ન રાખતા. એ બધા અંદરો અંદર ગમે તેટલાં ઘુરકિયાં કરે, પણ ડૉક્ટર સામે ચૂં કે ચાં કરવાની હિંમત કરતા નહીં કારણ કે ડૉક્ટરની નજરમાં તેજ હતું, વાણીમાં પ્રેમ હતો અને બાહુમાં બળ હતું.

ડૉક્ટર હંમેશાં આનંદમાં રહેતા. વાર્તાઓ, કહાણીઓ, ટુચકાઓનો ભંડાર એમની પાસે ભરપૂર હતો. આસપાસનું સમગ્ર વાતાવરણ તેઓ હસતું રમતું રાખંતા. જેલમાં છૂટ્યા ત્યારે અનેક લોકો લેવાઈ ગયા હતા. કેટલાક બીમાર પડ્યા હતા, પણ ૧૨ જુલાઈ, ૧૯૨૨ને દિવસે સવારે જ્યારે ડૉક્ટર જેલમાંથી છૂટ્યા અને એમનાં જૂનાં કપડાં પહેરવા ગયા ત્યારે એ એમને બહુ ચુસ્ત થવા લાગ્યાં.

કોઈએ પૂછ્યું, 'તમારું વજન વધ્યું કે શું ?'

ડૉક્ટરે કહ્યું, 'એમ લાગે છે ખરું !'

થોડીવાર પછી માપી જોયું તો ડૉક્ટરનું વજન પહેલા કરતાં પચીસ રતલ વધ્યું હતું. કોઈએ તેમને પૂછ્યું, 'જેલમાં તમારું વજન વધ્યું ! શું વાત છે ?'

ડૉક્ટરે જવાબ આપ્યો, 'હિંદુ ધર્મની માફક બધું પચાવવાની શક્તિ મારામાં પણ છે. જેમની પાચનશક્તિ નબળી હતી એ જેલમાં બીમાર પડ્યા અને હું જેલમાંથી વજન વધારીને બહાર નીકળ્યો !'

એ પછી વર્ષો સુધી ડૉક્ટર એ વાત બહુ મઝાથી લોકોને કહી સંભળાવતા.



Scanned by CamScanner

## વિચારમંથન

જેલમાં એમણે ખૂબ ચિંતન કર્યું. બીજા નેતાઓ સાથે ચર્ચાઓ પણ કરી. રાત્રિ સમયે તે બિછાના પર પડતા ત્યારે આપણા દેશનો આખો ઈતિહાસ એમનાં ચક્ષુ સામે સરકતો જતો. રાતો ને રાતો એમને ઊંઘ આવતી નહીં. દિવસ દરમિયાન સહકારીઓ સાથે વિચારવિનિમય કરતા અને રાતે ચિંતન કરતા, દેશની સ્થિતિનો વિચાર કરતા, 'કેવી થઈ છે આપણા દેશની દુર્દશા ! ચારે બાજુએ દીનતા, દરિદ્રતા અને દુઃખ છવાયાં છે. આપણી આવી સ્થિતિ કેમ થઈ ? આપણો દેશ મોટો છે. આપણો સમાજ બુદ્ધિમાન અને પરાક્રમી છે. આપણો દેશ પુરાતન છે, છતાં આપણે ગુલામ કેમ બન્યા ? મુસલમાનોની નાની નાની ટોળીઓ ખૈબરઘાટ અને બોલનઘાટ દ્વારા આપણા દેશમાં ઘૂસી. મુઠ્ઠીભર અંગ્રેજો વહાણમાં બેસી આ દેશમાં આવ્યા. આપણી સંખ્યા બહુ મોટી હતી. આપણા દેશમાં રાજા મહારાજાઓ હતા. એમની પાસે મોટી મોટી સેનાઓ હતી. સેના પાસે તોપો હતી, બંદૂકો હતી. આપણા સૈનિકો પણ બહુ પરાક્રમી હતા, છતાં આપણે ગુલામ કેમ બન્યા ? આપણે મુસલમાનોને લીધે ગુલામ બન્યા ? આપણે અંગ્રેજોને લીધે ગુલામ બન્યા ?'

ના ! આપણે આપણી આળસને લીધે અને અંદરોઅંદરના ઝઘડાને લીધે ગુલામ બન્યા. આપણામાં એકતા નહોતી. આપણે આખા દેશનો વિચાર કર્યો નહીં. આપણાં મન સંકુચિત બન્યાં. આપણે પગની પાની સુધી જોવા લાગ્યા. પાડોશીનું ઘર બળે છે, બળવા દો ! પેલી બાજુ ગામ લૂંટાય છે, લૂંટાવા દો ! મારું ઘર ! મારી ખેતી, મારાં બૈરી છોકરાં, મારો પૈસો, મારું રાજ્ય એનો સંકુચિત વિચાર બધા કરવા લાગ્યા. મારો દેશ, મારો ધર્મ, મારો સમાજ એવો વ્યાપક



Scanned by CamScanner

વિચાર કરનાર કોઈ રહ્યા નહીં, તેથી આપણે ગુલામ બન્યા. મારા અને મારા દેશ વચ્ચે કંઈ સંબંધ કામકાજ છે એ મારા રોજના જીવનમાં દેખાવું જોઈએ. મારું ખાવું પીવું, ઊઠવું બેસવું બધું દેશને ધ્યાનમાં રાખીને થવું જોઈએ. એ આપણે વિસર્યા, તેથી આપણે ગુલામ બન્યા. આ દેશમાં ગમે તેટલી ન્યાત જાત, પ્રાંત અને ભાષા હશે, છતાં આપણે એક છીએ. આપણો સમાજ એટલે કરોડો મસ્તકો, કરોડો હાથ અને કરોડો પગ ધારણ કરનારો પરમેશ્વર જ છે એ વાત આપણે વિસર્યા હોવાથી આપણે ગુલામ બન્યા. આપણા સમાજમાં શિસ્ત રહી નહીં. બધે અવ્યવસ્થા ઉત્પન્ન થઈ. આદર રહ્યો નહીં, વિશ્વાસનો લોપ થયો. પ્રેમ રહ્યો નહીં, તેથી આપણે ગુલામ બન્યા. આપણે બધા ભારતમાતાના પુત્રો છીએ. આપણી માતા એક છે. આપણે ભાઈ ભાઈ છીએ. ગરીબ - તવંગર, શહેરના - ગામડાના, સુશિક્ષિત - અશિક્ષિત, મહાર - મોચી, બધા ધંધા અને બધી જાતિઓના આપણે બધા ભાઈઓ છીએ એ આપણે ભૂલ્યા તેથી આપણે ગુલામ બન્યા ! આપણી ગુલામી નષ્ટ કરવી પડશે. આ કામ ભાષણોથી, લેખોથી કે ચળવળો કરવાથી થઈ શકશે નહીં. અંગ્રેજોને અને મુસલમાનોને ગાળો દેવાથી થશે નહીં. આ બધું કરવા માટે સારા તરુણો એકઠા કરવા પડશે. મિત્રો બનાવવા પડશે. નિયમપૂર્વક વર્તનારા, સારા, સચ્ચાઈવાળા સોબતીઓ શોધવા પડશે. દેશ માટે જે કુટુંબકબીલાનો વિચાર છોડવા, નિજી સુખ છોડવા તૈયાર થાય એવા સેંકડો તરુણો એકઠા કરવા પડશે. આવું કંઈક થવું જોઈએ, આવું કંઈક કરવું જોઈએ. આ કોણ કરશે વારું ! હું જ કરીશ. એક દીપથી બીજો દીપ સળગાવી શકાય છે તેમ ગામ ગામમાં, પ્રાંત પ્રાંતમાં અને આખા દેશમાં જો દેશસેવકો તૈયાર થાય તો દેશમાં એક નવું તેજ પ્રગટ થશે. હા ! એવું જ કંઈક મારે કરવું છે !'

જેલમાં હતા ત્યારે ડૉ. હેડગેવારના મનમાં આવા આવા વિચારો આવતા હતા. એમનું અંતઃકરણ વલોવાતું હતું. દહીં વલોવતાં જેમ માખણ નીકળે, તેમ આ મનોમંથનમાંથી જે માખણ નીકળ્યું એનું નામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ !



Scanned by CamScanner

# સંઘની સ્થાપના

જેલમાંથી બહાર આવ્યા પછી ડૉ. હેડગેવારે પહેલાંની માફક જ પોતાનું કામ શરૂ કર્યું, પણ તેની સાથે સાથે ધીરે ધીરે ચુનંદા તરુણોને એકત્ર કરવા લાગ્યા. ૧૯૨૫ની વિજયાદશમીને દિવસે એમણે સંઘની સ્થાપના કરી. નાગપુરના મહાલ વિભાગમાં સરદાર મોહિતેનો એક જૂનો વાડો હતો. એ ખંડેર હાલતમાં હતો. ત્યાં કોઈ રહેતું નહોતું. ત્યાં રોજ બધાએ ભેગા મળવું એમ નક્કી થયું. દરરોજ બધા એકઠા થવા લાગ્યા. ચર્ચાઓ થવા લાગી, વાદવિવાદ થવા લાગ્યા. આવું કેટલા દિવસ ચાલી શકે ?

એક તરુણે કહ્યું, 'આપણે અહીં મળીને રોજ ગપાટા જ મારવાના છીએ ? આપણે કોઈ કાર્યક્રમ નક્કી કરવો જોઈએ.'

ડૉક્ટરે ધીરેથી એ ચર્ચાને આકાર આપ્યો. આપમેળે જ બધા એકમત થયા. રમતો, વ્યાયામ, લાઠી, લેજીમ જેવું કંઈક આપણે કરવું જોઈએ એમ નક્કી થયું.

બીજે દિવસે સાંજે ખૂબ ઉત્સાહથી એ તરુણો મોહિતેના વાડામાં એકઠા થયા ત્યારે હુતુતુતુનું મેદાન જાણે કે એમની રાહ જોતું હતું ! મેદાન સાફ કરેલું હતું. એના ઉપર પાણી છાંટવામાં આવ્યું હતું. ત્યાં પડેલા પથ્થર, ઈંટ, રોડાં દૂર કરવામાં આવ્યાં હતાં. આ બધું કોણે કર્યું ? તરુણ છોકરાઓ એકબીજાને પૂછવા લાગ્યા. 'મેં નથી કર્યું !' 'મેં પણ નથી કર્યું !' તો પછી કોણે કર્યું ? ત્યારે... તેમના ધ્યાનમાં આવ્યું કે ડૉ. હેડગેવારે બધાની પહેલાં આવીને મેદાન ઉપર ઝાડુ મારી પાણી છાંટી રાખ્યું હતું.

બીજે દિવસે કોઈએ કહ્યા વગર અનેક તરુણો વહેલા આવી ડૉક્ટરના હાથમાંથી ઝાડુ લઈ ઝાડુ મારવા લાગ્યા અને પાણી લાવી છાંટવા લાગ્યા. પછી રમત શરૂ થઈ. રમતોમાં દરરોજ નવો નવો રંગ જામવા માંડ્યો. પાંચના દસ, દસના વીસ, વીસના પચાસ એમ સંખ્યા વધતી ગઈ. ધીરે ધીરે મેદાન પર સો તરુણ એકઠા થવા લાગ્યા. રોજ નિયમિત રીતે સોએ સો સ્વયંસેવક અચૂક વખતસર હાજર રહેતા. રમતો, લાઠી, લેજીમ, વ્યાયામની સાથે સાથે સૈનિક શિક્ષણ શરૂ થયું. બધાએ પોતપોતાનો ગણવેશ તૈયાર કર્યો.



Scanned by CamScanner

૩૧

# નિયમપાલનનો આદર્શ

એક વખત ડૉ. હેડગેવાર એમના મિત્રના પુત્રની જનોઈ માટે અડેગાંવ ગયા હતા. જનોઈ શનિવારે હતી. દર રવિવારે સવારે નાગપુરમાં સંઘનો સૈનિકી કાર્યક્રમ થતો. એમાં બધાએ અચૂક હાજર રહેવું જોઈએ એમ નક્કી થયું હતું. ભોજન અને બીજા સમારંભ પતાવતાં અડેગાંવમાં જ સાંજ પડી ગઈ. નાગપુર પાછા આવવા માટે કોઈ વાહન નહોતું, એટલે ડૉક્ટર સાહેબ ચાલતા જ નીકળી પડ્યા.

કોઈએ કહ્યું કે, 'અડેગાંવથી નાગપુર કંઈ પાસે નથી, પૂરા બત્રીસ માઈલ છે.'

ડૉક્ટર હેડગેવારે કહ્યું, 'હું આખી રાત ચાલીશ, પણ સવારે નાગપુરમાં સંઘસ્થાન પર અવશ્ય હાજર થઈશ.'

મિત્રમંડળીનું સાંભળ્યા વગર ડૉક્ટર હેડગેવાર ત્યાંથી ચાલી નીકળ્યા. જે પ્રયત્ન કરે છે એને મદદ કરવા પરમેશ્વર હંમેશાં તૈયાર હોય છે... આઠ દસ માઈલ ચાલ્યા પછી એ રસ્તેથી એક મોટર જતી હતી. ડ્રાઈવરે ડૉક્ટરને ઓળખ્યા.

એણે પૂછ્યું, 'આ શું ડૉક્ટર સાહેબ ! તમે આ સમયે અહીંયાં કેવી રીતે ?'

ડૉક્ટરે એને બધી હકીકત કહી. એણે કહ્યું, 'ચાલો, બેસો જલદી. હું તમને ત્યાં પહોંચાડી દઈશ.'

મધ્યરાત્રી પછી ડૉક્ટર નાગપુર આવી પહોંચ્યા. નિયમ પ્રમાણે રવિવારે એ સંઘસ્થાન પર તદન વખતસર હાજર થયા.



Scanned by CamScanner

# એકલવાયો, અનાથ હિંદુ !!

ડૉક્ટર સાહેબ બહારગામ હતા ત્યારે નાગપુરમાં એક સભા ભરાઈ હતી. સભામાં હજારો લોકો એકઠા થયા હતા. વક્તાઓનાં ભાષણો શરૂ થયાં. એટલામાં એકાએક સભાના મધ્યભાગમાં કોઈકે દેડકો નાખ્યો. એ જેના પર પડ્યો એણે ચમકીને બૂમ પાડી. સાપ સાપની બૂમો પાડતા સૌ નાસવા લાગ્યા.

શું થયું એની કોઈને ચોક્કસ ખબર નહોતી, પણ એક નાસવા લાગ્યો એટલે બીજો નાસવા લાગ્યો. ચારેબાજુ નાસભાગ શરૂ થઈ ! કેટલાક લોકો છુંદાયા, કેટલાક પડી ગયા. કેટલાક જખમી થયા. કેટલાકની લાકડીઓ અને છત્રીઓ ત્યાં જ રહી ગઈ. કેટલાકના જોડા રહી ગયા. કેટલાકની ટોપીઓ પડી ગઈ. કેટલાકનાં ધોતિયાં છૂટી ગયાં. ધમાલ મચી ગઈ. હજારો લોકોની સભા અડધા કલાકમાં જ વિખરાઈ ગઈ.

બે ત્રણ દહાડા પછી ડૉ. હેડગેવાર નાગપુર પાછા ફર્યા. સભાના સમાચાર સાંભળી એમને બહુ દુઃખ થયું. સભામાં હાજર રહેલા લોકોની મુલાકાત લેવાનું એમણે શરૂ કર્યું.

ડૉક્ટર : પેલે દહાડે સભા થઈ એમાં તમે ગયા હતા ?

ગૃહસ્થ : હા, ગયો હતો.

ડૉક્ટર : એ સભા ભાંગી પડી એ બહુ ખરાબ થયું.



Scanned by CamScanner

ગૃહસ્થ : ફક્ત આઠ દસ ગુંડાઓએ એ સભા તોડી પાડી.

ડૉક્ટર : પણ તમે ત્યાં હતા ને ?

ગૃહસ્થ : સભા સારી રીતે પાર પડે એવી મારી ખૂબ ઈચ્છા હતી, પણ હું એકલો હતો ! હું શું કરી શકું !

ડૉક્ટર ઘેર ઘેર ગયા. એમને આવા જ જવાબો સાંભળવા મળ્યા. લગભગ એક સો લોકોને એમણે એ જ સવાલ પૂછ્યા, પણ એ બિચારા બધા એકલા હતા !

એ સભાની હકીકત ડૉક્ટર સ્વયંસેવકોને હંમેશાં કહેતા. એ કહેતા, 'હું એકલો છું. એ હિંદુ સમાજનો મોટો રોગ છે. એ દૂર થવો જોઈએ. મારી પાછળ મારો આખો સમાજ ઊભો છે, મારી પાછળ મારું આખું રાષ્ટ્ર ઊભું છે, મારી પાછળ પરમેશ્વર છે, એ ભાન જો આપણે દરેક હિન્દુમાં નિર્માણ કરી શકીએ તો આપણો દેશ દુનિયામાં સૌથી સમર્થ બનશે. સંઘે આ જ કામ કરવાનું છે. હિંદુઓનું 'એકલા હોવાપણું' અને એમનું અનાથપણું સંઘ દૂર કરવા માગે છે !'

આવી રાતદિવસ ચિંતા કરીને ડૉક્ટર સાહેબ નાગપુરમાં સંઘની શાખાઓ વધારતા હતા. દરેક સ્વયંસેવકનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ થાય એટલા માટે તેઓ બહુ જ કાળજીપૂર્વક પ્રયત્ન કરતા હતા.

Scanned by CamScanner

૩૩

# એક સાહસ

સંઘનું કામ ધીરે ધીરે વધતું હતું, પણ સાથે સાથે સંકટનાં કાળાં વાદળ પણ ચારે બાજુથી ઘેરાતાં હતાં. સેંકડો તરુણો, ડૉક્ટરનો પડ્યો બોલ ઝીલીને કામ કરવા મંડી પડતા. એ જોઈને અનેક નાના મોટા નેતાઓ ડૉક્ટરની અદેખાઈ કરવા લાગ્યા. અખાડાના લોકોને લાગતું કે સંઘ લાઠી લેજીમ શીખવે છે તેથી સંઘ અમારો શત્રુ છે. અનેક હિંદુત્વવાદી લોકોને લાગતું કે અમે તો મોટા નેતાઓ છીએ, સંઘે તરુણોને ભેગા કરી અમને સોંપી દેવા જોઈએ. સંઘ એમ કરતો નથી એ જોઈને એમને લાગતું કે સંઘ એમનો શત્રુ છે. કૉંગ્રેસના નેતાઓની મુસલમાનો પ્રત્યે કુણી લાગણી ! મુસલમાનો સિવાય આપણે કંઈ કરી શકીશું નહીં એવું તેમને લાગતું હતું. સંઘ તો ફક્ત હિંદુઓનું જ સંગઠન કરતો હતો. હિંદુત્વ એ જ રાષ્ટ્રીયત્વ એમ સંઘ કહેતો હતો. હિંદુ જો સંગઠિત થાય અને પોતાના પગ ઉપર ઊભા રહે તો દેશના બધા સવાલ હલ થશે એમ સંઘ દૃઢપણે માનતો હતો. એ કૉંગ્રેસના નેતાઓને પસંદ ન હતું. સંઘ મુસલમાનોનો વિરોધી છે એમ તેમને લાગતું હતું. તેઓ પણ સંઘને શત્રુ માનતા હતા. સાચી રાષ્ટ્રીય ભાવના હિંદુસ્થાનમાં નિર્માણ જ ન થાય એવી અંગ્રેજ સરકારની ઈચ્છા હતી.

અંગ્રેજ સરકારનું પોલીસ ખાતું હેડગેવારને સારી પેઠે ઓળખતું હતું. ડૉક્ટર હેડગેવાર અને એમના સાથીઓને કોઈ ને કોઈ રીતે મુશ્કેલીમાં મૂકવા, એમના ઉપર કોઈક આરોપ મૂકીને સંઘની ચળવળને કચડી નાખવાની અંગ્રેજોને ઘણી ઈચ્છા હતી.

આમ સંઘની ચારે તરફ સંકટો ઊભાં થયાં, પણ ડૉક્ટર હેડગેવાર જરા પણ ગભરાયા નહીં. કોઈવાર ચતુરાઈથી તો કોઈ વાર હિંમતથી એમણે બધાં સંકટોનો



Scanned by CamScanner

સામનો કર્યો અને શત્રુઓથી સંઘને બચાવી લીધો. એમણે સંઘને સંકટોની માઠી અસર થવા દીધી નહીં.

ડૉક્ટરે એમના જૂના ક્રાંતિકારી જીવનના બધા પુરાવા નષ્ટ કર્યા હતા, પણ કોઈ જગ્યાએ એકાદો તણખો રહી જાય અને એનો ભડકો થાય અને પરિણામે હાથ દાઝે એવો એક પ્રસંગ ઊભો થયો, પણ ડૉક્ટરે હિંમતથી અને ચપળતાથી એનો સામનો કર્યો અને એની બૂરી અસર પોતાના ઉપર તેમજ સંઘ ઉપર પડવા દીધી નહીં. ડૉક્ટરે જો સમય પારખીને કામ કર્યું ન હોત તો એનું પરિણામ બહુ બૂરું આવત !

ગંગાપ્રસાદ પાંડે નામનો એક ક્રાંતિકારી હતો. એ ડૉક્ટરનો જૂનો સહકારી હતો. એ સાધુની જેમ રહેતો હતો. એ બીમાર પડ્યો અને વર્ધાની પાસે બે માઈલ દૂર એના ભાઈ સાથે રહેવા લાગ્યો. ગંગાપ્રસાદે જૂનાં શસ્ત્રો નષ્ટ કર્યાં ન હતાં.

એક વખત એના એક ચેલાએ ગંગાપ્રસાદની જાણ બહાર એની પિસ્તોલ લઈ લીધી અને એક ટોળી જમાવી એક સ્ટેશન પર હુમલો કર્યો. ડૉક્ટરને એ સમાચાર મળ્યા. શું થયું હશે અને એનું પરિણામ શું આવશે એનો બધો ખ્યાલ ડૉક્ટરને આવી ગયો. એ તરત ઊઠ્યા અને વર્ધામાં આપ્પાજી જોશીને ત્યાં ગયા.

રાતનો સમય હતો. અચાનક ડૉક્ટર સાહેબને આવેલા જોઈ આપ્પાજી જોશી એમને 'આવો, બેસો' કહેવા જતા હતા એટલામાં એમણે કહ્યું, 'આપ્પાજી, જલદી ચાલો. આપણે ગંગાપ્રસાદની ઝૂંપડીએ જવું પડશે. એનાં શસ્ત્રોનો નાશ કરવો પડશે. એ હથિયારો પકડાઈ જશે તો ગજબ થશે.'

આપ્પાજીએ કહ્યું, 'આપણા બંને ઉપર ગુપ્તચર પોલીસની નજર હોય છે. ગંગાપ્રસાદની ઝૂંપડીની આસપાસ પણ પોલીસ હશે. એટલે આપણે ત્યાં ન જઈએ એ જ સારું !'

ડૉક્ટરે કહ્યું, 'ના, ઝડતીમાં જો પોલીસને ગંગાપ્રસાદ પાસેની પિસ્તોલ જડશે તો બહુ નુકસાન થવાનો સંભવ છે. ચાલો, જલદી ચાલો.'

'ચાલો', કહેતાંની સાથે આપ્પાજી જોશી ઊઠ્યા અને ડૉક્ટરની સાથે ચાલવા



Scanned by CamScanner

લાગ્યા. અંધારી રાત હતી. ચારે બાજુ ઘોર અંધારું હતું, પણ ડૉક્ટર હેડગેવાર અને આપ્પાજી જોશી સીધા ગંગાપ્રસાદના નિવાસસ્થાન પર પહોંચ્યા. પાસે જ લીમડાનું ઝાડ હતું. એ ઝાડ નીચે ઓટલા ઉપર ડૉક્ટર સાહેબ બેઠા. એમણે આપ્પાજીને ગંગાપ્રસાદને ત્યાં મોકલ્યા. એમને જોતાં જ ગંગાપ્રસાદ શું વાત છે એ સમજી ગયા. ડૉક્ટર સાહેબનો આદેશ સાંભળતાં જ ગંગાપ્રસાદ બહાર આવ્યો અને એણે પોતાની પાસેની પિસ્તોલ ડૉક્ટરના હાથમાં આપી દીધી.

ડૉક્ટર પાછા ફરતા હતા. એટલામાં જ એક માણસે એમનો હાથ પકડ્યો અને બોલ્યો, 'કેમ, કેવો પકડ્યો !'

ડૉક્ટરે અત્યંત ચપળતાથી પિસ્તોલ આપ્પાજીના હાથમાં સરકાવી દીધી. આપ્પાજી એક ક્ષણમાં અલોપ થઈ ગયા.

પછી ડૉક્ટરે એ માણસના બંને હાથ પકડ્યા અને એને ધડ દઈને નીચે પટક્યો. ડૉક્ટરે જ્યારે એના ઉપર મુક્કાઓનો પ્રહાર કરવા માંડ્યો ત્યારે એ માણસ, ઊંચો કદાવર હોવા છતાં, એકદમ ગભરાઈ ગયો અને રડવા લાગ્યો, કરગરવા લાગ્યો. એની હડ્ડી નરમ થઈ હતી. એ કણસવા લાગ્યો ત્યારે મારવાનું બંધ કર્યું અને ડૉક્ટર પણ અંધારામાં જ અદૃશ્ય થઈ ગયા.

બીજે દિવસે સવારે ડૉક્ટર સાહેબ નાગપુર આવ્યા અને શાંતિથી એમના હંમેશના કામમાં લાગી ગયા. જાણે કે આગલી રાતે કંઈ બન્યું જ ન હોય !

ડૉક્ટરની સમયસૂચકતા અને સાહસને લીધે એમના ક્રાંતિકારી જીવનનો એક પુરાવો નષ્ટ થયો, નહીં તો અંગ્રેજ સરકારે આ સઘળી બાબતોમાં ડૉક્ટરને સંડોવ્યા હોત અને પરિણામે સંઘનો નાનો છોડ પણ કદાચ ઉખેડાઈ ગયો હોત !

અંગ્રેજ સરકાર, દેશની અનેક સંસ્થાઓ અને અનેક વ્યક્તિઓ સંઘ પ્રત્યે સંશયની નજરે જોતા હતા. એને લીધે સંઘના કાર્યમાં અનેક અડચણો આવી, પણ ડૉક્ટરે કોઈવાર શક્તિથી તો કોઈવાર યુક્તિથી એ બધી અડચણોનું નિવારણ કર્યું. બધી પ્રવૃત્તિઓ તેઓ સીધી અને ઉઘાડી રીતે કરતા. પોતાનું મંતવ્ય તેઓ સીધી અને સરળ ભાષામાં અને મક્કમતાથી લોકોની આગળ મૂકતા.



Scanned by CamScanner

# જંગલ સત્યાગ્રહ

૧૨ માર્ચ, ૧૯૩૦ના દિવસે મહાત્મા ગાંધી મીઠાનો સત્યાગ્રહ કરવા અમદાવાદથી નીકળ્યા. પાંચમી એપ્રિલના રોજ તેઓ દાંડી મુકામે પહોંચ્યા અને ત્યાં એમણે મીઠું ભેગું કર્યું. એ આંદોલનનાં મોજાં આખા દેશમાં ફરી વળ્યાં. જ્યાં સમુદ્ર નહોતો ત્યાં બીજા કાયદા તોડવામાં આવ્યા. મધ્યપ્રદેશમાં લોકનાયક બાપુજી અંણેએ જંગલ સત્યાગ્રહ શરૂ કર્યો. ડૉક્ટર સાહેબે એમાં ભાગ લીધો.

સંઘની એમણે બરાબર વ્યવસ્થા કરી લીધી. પોતે શું કરે છે, શા માટે એમ કરે છે એ બધું એમણે સ્વયંસેવકોને સમજાવ્યું. યોજના અનુસાર ૧૪ જુલાઈ, ૧૯૩૦ના રોજ ડૉક્ટરની ટુકડી નાગપુરથી નીકળી. એમને વિદાય આપવા નાગપુર સ્ટેશન પર સેંકડો નાગરિકો આવ્યા હતા. ભારતમાતાના જયજયકાર વચ્ચે ગાડી ઉપડી.

સ્ટેશને સ્ટેશને ડૉક્ટરનું સન્માન થયું. અનેક સ્વયંસેવકો ડૉક્ટરને મળવા આવ્યા. એમનામાંથી કેટલાકને ડૉક્ટર કહેતા, 'ચાલો અમારી સાથે, ઘેર શું બેસી રહ્યા છો ?' અને એ તરત જ ગાડીમાં બેસી જતા. ઘરનું શું થશે ? તૈયારી કરીને આવું છું. ઘેર કહીને આવું... પછી આવીશ... એવો એક શબ્દ પણ કોઈએ ઉચ્ચાર્યો નહીં. ડૉક્ટરે ચાલો કહ્યું અને તેઓ ચાલ્યા.

૨૨ જુલાઈ, ૧૯૩૦ના રોજ ડૉક્ટરે યવતમાળ પાસેના જંગલમાં સત્યાગ્રહ કર્યો. એમને નવ મહિનાની સખત મજૂરી સાથે કારાવાસની સજા ફરમાવવામાં



Scanned by CamScanner

આવી. બીજે જ દિવસે એમને અકોલા જેલમાં મોકલવામાં આવ્યા.

ચિંતામણિના સ્પર્શથી લોઢાનું સોનું બને છે. સારા માણસોના સહવાસથી ખરાબ માણસો સારા થાય છે, એવો જાદુ ડૉક્ટર સાહેબ પાસે હતો. ડૉક્ટરે અકોલા જેલનું વાતાવરણ જ બદલી નાખ્યું. ડૉક્ટરના ચતુર સ્વભાવને લીધે અને મધુર વ્યવહારથી જેલના નાના મોટા અધિકારીઓ પણ એમના મિત્ર બન્યા. વરાડનાં અનેક સ્થાનોમાંથી સત્યાગ્રહી સ્વયંસેવકો ત્યાં આવ્યા. ડૉક્ટરના સહવાસમાં રહેવા મળશે એ વાતનો એમને અતિશય આનંદ થયો. અકોલાના ડૉક્ટર ઠોસર, મેહેકરના દાદાસાહેબ સોમણ, વર્ધાના આપ્પાજી જોશી, યવતમાળના સ.હ.બલ્લાળ, આકોટના દાજીસાહેબ બેદરકર જેવા રથી મહારથીઓ ત્યાં એકઠા થયા હોવાથી તો અકોલાની જેલ સંઘનો શિક્ષણ વર્ગ જ બની ગઈ.

ડૉક્ટરે ત્યાં નવા નવા લોકોનો પરિચય કર્યો, એમની સાથે ચર્ચાઓ કરી, એમને સંઘના સ્વયંસેવક બનાવ્યા. ડૉક્ટર હેડગેવાર સર્વશ્રેષ્ઠ કેમ છે એ અનેક કાર્યકર્તાઓને ત્યાં સમજાયું. દૂરથી ડુંગર રળિયામણા અને નજીકથી જુઓ તો બિહામણા એવી અનેક નેતાઓની સ્થિતિ હોય છે, પણ ડૉક્ટરનું એમ ન હતું. જેમ જેમ એમની નજીક જઈએ તેમ તેમ એમના સ્વભાવની નવી નવી પાંખડીઓ ખીલતી જોવામાં આવતી અને એમાંથી નવી સુગંધ અનુભવવા મળતી. ડૉક્ટર અંતર્બાહ્ય નિર્મળ હતા.

૧૪ ફેબ્રુઆરી, ૧૯૩૧ના રોજ ડૉક્ટર જેલમાંથી છૂટ્યા. થોડા દિવસમાં તેઓ નાગપુર આવ્યા અને પૂરા જોશથી સંઘનું કામ કરવા લાગ્યા. ધીરે ધીરે તેમણે બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દીધી.

Scanned by CamScanner

# એક સ્વપ્ન

ડૉક્ટર હેડગેવાર રાતદિવસ સંઘનું કામ કરવા લાગ્યા. સવાર હોય કે સાંજ, ઘેર હોય અથવા બહાર, એમના મનમાં સતત સંઘકાર્યના જ વિચાર ઘોળાતા. એમને સ્વપ્ન પણ સંઘકાર્ય વિશે જ આવતું.

એક વખત નાગપુરની એક શાખામાં કોઈ નાનીશી બાબત ઉપરથી સ્વયંસેવકો વચ્ચે કંઈક મતભેદ ઊભા થયા. વાદવિવાદ થયો અને પછી એમનાં બે નાનાં નાનાં જૂથ પડી ગયાં. એમનો ઝઘડો એટલો વધી ગયો કે છેવટે એક જૂથે શાખામાં આવવાનું જ બંધ કર્યું. બીજા જૂથને લાગ્યું કે 'સરસ થયું, આપણે જીત્યા.'

આ વાત જ્યારે ડૉક્ટરના સાંભળવામાં આવી ત્યારે એમને બહુ માઠું લાગ્યું. બંને જૂથના સ્વયંસેવકને એ મળ્યા. એમને શું કહેવું છે એ એમણે સમજી લીધું અને સ્વયંસેવકોએ કેવી રીતે વર્તવું જોઈએ એ એમણે દરેકને સમજાવ્યું. દરેકના મનનો પૂર્વગ્રહ એમણે દૂર કર્યો. તે પછી એ શાખા પહેલાંની માફક ચાલવા લાગી.

આ બનાવ પછી, થોડા દિવસે નાગપુરના મુખ્ય કાર્યકર્તાઓને એમણે ભેગા કર્યા. એમની સામે એમણે પોતાના વિચારો નિખાલસપણે મૂક્યા. એનો સાર આ રીતે મૂકી શકાય :

પ્રિય સ્વયંસેવક ભાઈઓ, ઈતિહાસમાંથી શીખવું એ જ બુદ્ધિમાન માણસનું લક્ષણ છે. આપણા દેશના ઈતિહાસનાં પૃષ્ઠો આપણે ઉપર ઉપરથી તપાસીએ તો પણ આપણી દુર્દશાનાં કારણો તુરત ધ્યાનમાં આવશે.

નાની બાબતોનો અહંકાર મનમાં રાખવો, એની પૂર્તિ માટે વ્યક્તિગત લાભની સમાજવિરોધી આકાંક્ષાઓને મનમાં પોષવી, નાનાં નાનાં જૂથ બનાવી નજીવાં કારણો માટે આપસમાં લડવું, આવાં કારણોને લીધે જ આજે આપણા દેશની આવી દુર્દશા થઈ છે. આ બધા દુર્ગુણોને જડમૂળથી ઉખેડી નાખવા માટે જ રાષ્ટ્રીય



Scanned by CamScanner

સ્વયંસેવક સંઘ નિર્માણ થયો છે. તેથી આપણે બધાએ મનમાં નિશ્ચય કરવો જોઈએ, મનમાં ગાંઠ બાંધવી જોઈએ કે ગમે તે થાય તો પણ અમે કદાપિ ઝઘડીશું નહીં. ધારો કે કોઈ બાબતમાં મતભેદ ઊભો થાય, કોઈએ એકને કંઈક કહ્યું અને એણે એ માન્યું નહીં, એકને લાગે કે આ કામ આ જ રીતે થવું જોઈએ, બીજાને લાગે કે એ બીજી રીતે થવુ જોઈએ અને એટલા માટે રીસાવું, ગુસ્સો કરવો અને શાખામાં ન આવવું એ તદ્દન અયોગ્ય છે. સંઘ કોઈ પણ નાની અથવા મોટી વ્યક્તિની અથવા જૂથની ખાનગી મિલકત નથી. સંઘ આખા સમાજનો છે. સંઘ આપણા સમગ્ર ભારતવર્ષનો છે. આવો આ સંઘ આપણે કદાપિ છોડી શકીએ ખરા ?

'ગયા અઠવાડિયામાં આપણા કેટલાક સ્વયંસેવક ભાઈઓ આપસમાં લડ્યા. એ સાંભળીને મને ખૂબ દુઃખ થયું. રાતભર હું એનો જ વિચાર કરતો રહ્યો. એ વિચારમાં મગ્ન હતો ત્યારે જ મારી આંખો મીંચાઈ અને મને એક સ્વપ્ન દેખાયું. એ સ્વપ્ન મને ઈતિહાસકાળમાં લઈ ગયું. અમે એક કિલ્લામાં હતા. ત્યાં યુદ્ધની તૈયારીઓ ચાલતી હતી. શત્રુએ કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો. અચાનક કિલ્લાની ભીંત પર તોપના ગોળાનો મારો થવા માંડ્યો. સાંજે કિલ્લાની દીવાલમાં ગાબડું પડ્યું. પછી ? અમે આખી રાત પરિશ્રમ કરી એ ભીંત પહેલાંની માફક જ ચણી લીધી. એ જોઈને કિલ્લાનો અધિકારી બહુ પ્રસન્ન થયો. એણે બધાને ઉદ્દેશીને કહ્યું, 'બહારથી થનારા આક્રમણનો મને કદી ડર લાગતો નથી. બહારથી હુમલો થાય તો ઈંટો, પથ્થર અંદર પડે છે. એ પાછા જેમ ને તેમ બેસાડી શકાય છે, પણ જો કોઈ કારણસર પથ્થર અને ઈંટો બહાર પડે તો આપણા પ્રાણ સંકટમાં છે એમ ચોક્કસ માનવું. તેથી પથ્થર, ઈંટો બહાર પડે નહીં એની કાળજી રાખો...'

'એ શબ્દો મેં સાંભળ્યા અને મારી ઊંઘ ઊડી ગઈ. મારું એ સ્વપ્ન ઈતિહાસ પુરુષે આપણને બધાને આપેલો સંદેશો છે. ધ્યાનમાં રાખજો, બહારથી ગમે તેટલાં આક્રમણો થાય તો તેનાથી સંઘને કોઈ નુકસાન થવાનું નથી. ઊલટો લાભ જ થશે, પણ આપણા સ્વયંસેવક ભાઈઓએ કદી સંઘ છોડવો જોઈએ નહીં, ભીંતની ઈંટો કદી બહાર પડવી ન જોઈએ.'

Scanned by CamScanner

# ડૉક્ટર એટલે મૂર્તિમંત આનંદ

ડૉક્ટર હેડગેવાર રાત દહાડો સંઘનું કામ કરતા. બેસતાં ઊઠતાં, ખાતાં પીતાં, ઘરમાં કે બહાર, દિવસે અને રાતે કેવળ સંઘનો જ વિચાર કરતા.

અનેક મોટા માણસો બહુ ગંભીર હોય છે. બીજા લોકોને તેમનો સહવાસ કંટાળાજનક લાગે છે, પણ ડૉક્ટરનું એવું ન હતું. એમનો ચહેરો હંમેશાં પ્રસન્ન રહેતો. નાના મોટા નેતાઓનાં અનેક સંસ્મરણો તેમજ પોતાના અને બીજાઓના મઝાના અનુભવોનો બહુ મોટો ભંડાર એમની પાસે હતો. આ બધી વાતો એ બહુ સહજ રીતે, પણ રંગ ભરીને કહેતા. એમની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી. એક વખત પરિચય થાય તો એ માણસને તે કદી ભૂલતા નહીં. એમના બોલવામાં આડંબર નહોતો, આત્મીયતા હતી. એમની બુદ્ધિ બહુ તીક્ષ્ણ હતી. સાદા સીધા પ્રસંગોમાંથી તેઓ વિનોદ ઉત્પન્ન કરી શકતા.

એક વખત એક સ્વયંસેવકને ત્યાં લગ્ન પ્રસંગે ગયેલા. એમની રૂમમાં સતત ગપ્પાં ચાલુ હતાં. પાંચ દસ મિનિટે રૂમમાં હાસ્યનાં પ્રચંડ મોજાં ઉછળતાં હતાં. એ હાસ્યથી આખો વાડો ગાજી ઊઠતો હતો. કલાકોના કલાક આમ ચાલતું હતું. એ ઘરના એક વડીલ માણસને લાગ્યું કે આ નાદાન છોકરા કેવી ધમાલ કરી રહ્યા છે ! ડૉક્ટર હેડગેવારને કેટલી તકલીફ થતી હશે ! એ છોકરાઓને જરા દમ મારવો પડશે ! એમ વિચારી તેઓ એ રૂમ તરફ ગયા, પણ બારણામાં આવીને જોતાં જ ચકિત થઈ ગયા ! ડૉક્ટર વચમાં બેઠા હતા અને કેટલાક મઝાના પ્રસંગો કહેતા હતા અને ડૉક્ટર પણ એમની સાથે મોટે મોટેથી હસતા હતા.



Scanned by CamScanner

# ડૉક્ટર એટલે વિનય અને સહનશીલતા

સંઘના કાર્ય માટે ડૉક્ટર માન અપમાન બધું ગળી જતા. મોટા મોટા નેતાઓ સંઘનું કામ સમજે અને કરે એવી ડૉક્ટરની ખૂબ ઈચ્છા હતી. આખા હિન્દુસ્થાનમાં ફરી ફરીને ઘણા નાના મોટા નેતાઓને તે મળ્યા. દરેકની કંઈક આગવી જ રીત હતી. કેટલાકને હિંદુસ્થાન હિંદુઓનો છે એ ગળે ઊતરતું ન હતું. કેટલાકને સંકુચિત લાગતું હતું તો કોઈ કહેતા, કદાચ તમે દેડકાંનું પોટલું બાંધી શકશો, કદાચ ઘરના થાંભલાને કૂંપળ ફૂટશે, કૂતરાં સામસામે ભસતાં અટકશે, એમની પૂંછડી સીધી કરી શકાશે, કદાચિત્ હથેળીમાં વાળ ઊગે અને સસલાંને શીંગડાં આવે, પણ હિંદુઓનું સંગઠન ? બોલશો જ નહીં ! ન ભૂતો ન ભવિષ્યતિ ! કેટલાકને સભા અને ઠરાવ જોઈતા હતા, કોઈને લવાજમ જોઈતાં હતાં. કોઈકને રોજ એકત્ર આવવું પસંદ ન હતું. કોઈકને સંઘનું કામ હિંસક લાગતું હતું, તો કોઈને એ ઢીલું પોચું લાગતું હતું. કોઈ કહેતા કે, 'આ લાઠી લેજીમનો શો ઉપયોગ ! બૉંબ જોઈએ, પિસ્તોલ જોઈએ.' કોઈ કહેતું કે, 'શું તમારા સંઘનાં ભાષણો ! એમાં અંગ્રેજોને ગાળો નહીં કે મુસલમાનોને પણ ગાળો નહીં !' કેટલાકને ઘોષણાઓ જોઈતી હતી, તો કેટલાકને સરઘસો અને આંદોલનો જોઈતાં હતાં. કેટલાકને રસ્તા વાળવાનું, દવાઓ વહેંચવાનું વગેરે કંઈક સેવાકાર્ય જોઈતું



Scanned by CamScanner

હતું. કોઈક તો ધીમેથી પોતાના સહકારીઓને કહેતા, 'ખરું જોતાં સંઘની અસલ કલ્પના મારી જ છે. મેં જ એ ડૉક્ટર હેડગેવારને કહી.'

મોટા મોટા નેતાઓના આવા શબ્દો સાંભળી ડૉક્ટરની સાથેના સ્વયંસેવકોને ખૂબ ગુસ્સો આવતો, પણ ડૉક્ટર કદી ગુસ્સે થતા નહીં. એ બધાને શાંત રીતે સાંભળી લેતા અને તદ્દન નમ્રતાથી એમને જવાબ આપતા. બહુ બહુ તો હસીને એ એકાદો પ્રશ્ન ટાળતા. એ કહેતા, 'સંઘનો વિચાર સાદો, સહેલો અને જૂનો છે. મેં નવું કંઈ કહ્યું નથી. આપણું મહાન તત્ત્વજ્ઞાન વ્યવહારમાં મૂકવાનો આ પ્રયત્ન છે. સમગ્ર હિંદુ સમાજને એક કુટુંબનું રૂપ આપવાનો આ પ્રયત્ન છે. સંઘમાં સમજતાં અઘરું પડે એવું કંઈ જ નથી. મોટા મોટા લોકો ઊંચે આકાશમાં ઊડવામાં જ આનંદ માને છે. એમાંના કેટલાક પશ્ચિમના કોઈને કોઈ દેશનું અનુકરણ કરવા માગે છે. આપણે આપણા દેશના ઈતિહાસનું, તત્ત્વજ્ઞાનનું અને પરિસ્થિતિનું થોડું પણ એકાગ્રતાથી ચિંતન કરીશું તો સંઘનું કામ સહેલાઈથી સમજાશે અને ગળે ઉતરશે.'

ડૉક્ટર જ્યાં જાય ત્યાં ગામના બધા મોટા આગેવાનો અને કાર્યકર્તાઓને અવશ્ય મળતા, પણ પ્રત્યક્ષ કામ માટે તેમનું ધ્યાન તરુણ અને બાલ ઉપર વિશેષ રહેતું.

એ ગમ્મતમાં કહેતા -

જહાં બુઢ્ઢોં કા સંગ વહાઁ શંકાઓં સે તંગ
જહાં બાલોં કા સંગ વહાઁ બાજે મૃદંગ ॥

Scanned by CamScanner

# ડૉક્ટર એટલે આકર્ષણ કેન્દ્ર

નાગપુર શહેરમાં એકની બે, બેની ચાર, ચારની દસ શાખાઓ શરૂ થઈ. ડૉક્ટરને ઘેર દરરોજ બેઠકો ચાલતી. જૂના સ્વયંસેવકો નવા તરુણોને એમની સાથે એમને ત્યાં લઈ આવતા. આવનારા દરેક તરુણનો ડૉક્ટર પૂર્ણ પરિચય કરી લેતા. એ દરેક સાથે બહુ પ્રેમથી બોલતા. દરેકને એમ લાગતું કે ડૉક્ટરનું મારા તરફ વિશેષ ધ્યાન છે.

લોહચુંબક તરફ જેમ લોઢું ખેંચાય છે તેમ નાગપુરના સેંકડો બાલ અને તરુણ ડૉક્ટર તરફ ખેંચાયા. દિવસ દરમિયાન એક વખત તો ડૉક્ટરને મળવું જ એવો કેટલાકે નિયમ કર્યો હતો. વર્તમાનપત્રોમાં નામ નહીં કે છબી નહીં, છતાં નાગપુરના હજારો તરૂણ ડૉક્ટરને ઓળખવા લાગ્યા. એ કહે તે પ્રમાણે તે પોતાના જીવનની દિશા નક્કી કરવા લાગ્યા.

એક વખત નાગપુરમાં એક શ્રીમંત ગૃહસ્થને ત્યાં લગ્નસમારંભ હતો. મંડપ બાંધ્યો હતો. હજારો લોકોને ચા પાણી માટે બોલાવ્યા હતા. વખત થતાં લોકો આવવા લાગ્યા. નાના મોટા નેતાઓ આવ્યા, વિદ્વાનો આવ્યા, અમલદારો આવ્યા, નાનાં નાનાં જૂથ જામ્યાં અને પાનપટ્ટી ખાતાં ખાતાં ગપ્પાંનો રંગ જામ્યો. એટલામાં ડૉક્ટર ત્યાં આવ્યા.

અનેક પરિચિત લોકોના નમસ્કાર ઝીલતા ડૉક્ટર તકિયા આગળ આવીને બેઠા. તરત જ મંડપમાં આમ તેમ બેઠેલા તરુણો ઊઠ્યા અને ડૉક્ટર પાસે આવીને બેઠા. હમણાં સુધી તેઓ બીજા નેતાઓ પાસે બેઠા હતા અને એમનાં ગપ્પાં સાંભળતા હતા. સૂર્યોદય થતાં જ જેમ ચંદ્ર અને તારાનું તેજ ઝાંખું થઈ જાય છે, તેમ ડૉક્ટર સાહેબ મંડપમાં આવતાં જ બીજા નેતાઓ નિસ્તેજ થઈ ગયા.



Scanned by CamScanner

# ડૉક્ટર એટલે પ્રેરક શક્તિ

જે છોકરાઓ કોઈનું પણ માનતા નહીં તે ડૉક્ટર કહે તેમ કરતા. અતિશય આળસુ, કામ ટાળનારા અને નાજુક તરુણો ડૉક્ટરના સહવાસમાં પરિશ્રમી બન્યા. આપણે દેશના હિતને માટે કંઈક કરવું જોઈએ. હિંદુઓનું સંગઠન એ સૌથી મહત્ત્વની વાત છે એમ સેંકડો તરુણોને લાગવા માંડ્યું.

એક શ્રીમંત પરિવારનો છોકરો વકીલાતની પરીક્ષામાં પાસ થયો. પિતાને અતિશય આનંદ થયો. પુત્ર માટે એક સારી નોકરી અને એક સારી કન્યા એમણે જોઈ રાખી હતી. એક દિવસ તેમણે દીકરાને કહ્યું, 'ચાલ, આપણે પેલા મોટા અધિકારીને મળી આવીએ.'

દીકરો : શા માટે ?

પિતા : એમણે તને એક સારી નોકરી આપવાનું વચન આપ્યું છે.

દીકરો : મારે નોકરી કરવી નથી.

પિતા : કેમ ? તો શું કરવું છે ?

દીકરો : મારે સંઘનું કામ કરવું છે.

પિતા : તો તું વકીલાત તો કરીશ ને ? એ દૃષ્ટિએ પણ મોટા મોટા અધિકારીઓને મળવું લાભકારી થશે.

દીકરો : મને કોઈને મળવા જવામાં વાંધો નથી, પણ મારે નોકરી કરવી નથી, વકીલાત કરવી નથી અને લગ્ન પણ કરવું નથી. જ્યાં અમારા ડૉક્ટર મને મોકલશે ત્યાં હું જઈશ અને ફક્ત સંઘનું કામ કરીશ.

પિતા ખૂબ ક્રોધે ભરાયા. માતા રડી, પણ દીકરાએ નિર્ણય બદલ્યો નહીં.

અનેક કુટુંબોમાં આવા પ્રસંગો બનવા લાગ્યા. મોટી મોટી ઉપાધિઓ પ્રાપ્ત કરેલા, ઉચ્ચ શિક્ષણ લીધેલા તરુણો ઘરબાર છોડી સંઘના કામ માટે બહાર જવા લાગ્યા. સંઘની શાખાઓ શરૂ કરવા માટે તેઓ જુદા જુદા પ્રાંતોમાં ગયા અને ગામેગામ ફરવા લાગ્યા.

રોષે ભરાયેલાં માતાપિતા ડૉક્ટર પાસે આવતાં અને ગમે તેમ એમને સંભળાવતાં. ડૉક્ટર તદ્દન શાંત રહેતા. બધું સાંભળી લઈ બહુ નમ્ર અને મધુર શબ્દોમાં તેમને સમજાવતા. ડૉક્ટર કદી કોઈનું અપમાન કરતા નહીં.



Scanned by CamScanner

# આપણા ડૉક્ટર

સંઘના કામ માટે ડૉક્ટરનો પ્રવાસ સતત ચાલુ રહેતો. પગે ચાલીને, સાઈકલ પર, મોટરમાં, આગગાડીમાં અનેક વાહનોમાં તે સતત ફરતા. જુદાં જુદાં ગામોમાં જવું, સારા તરુણોને શોધી કાઢવા, એમના મનમાં દેશભક્તિ નિર્માણ કરવી અને એમને સંઘનું કામ કરવા પ્રેરવા આ એકમેવ પ્રવૃત્તિ રાત દહાડો તેઓ કરતા.

તેઓ પંજાબમાં ગયા. ત્યાંના સ્વયંસેવકો બોલી ઊઠ્યા, 'આવ્યા ! આપણા ડૉક્ટર આવ્યા !' લાહોરમાં, અમૃતસરમાં સેંકડો સ્વયંસેવકો ડૉક્ટરને મળવા માટે આવ્યા. ડૉકટરે એમને કહ્યું, 'હું સેંકડો માઈલથી તમને મળવા માટે અહીં આવ્યો. તમને મળવાની મારી ખૂબ ઈચ્છા હતી. મને મળવા માટે તમે પણ ખૂબ ઉત્સુક હતા કારણ કે આપણે ભાઈ ભાઈ છીએ, એક જ માતાનાં સંતાનો છીએ, એ યાદ અપાવવાનું કામ સંઘ કરે છે. સંઘ સમગ્ર દેશમાં ભાઈ ભાઈનો સંબંધ જોડે છે. આ સંઘનું એક સાદું સીધું કામ છે, પણ તે બહુ મહત્ત્વનું છે. એ તમારે ખૂબ અંતઃકરણપૂર્વક કરવું જોઈએ.'

પંજાબના સ્વયંસેવકોએ લાંબાંચોડાં ભાષણો કરનારા અને મોટી મોટી ગર્જનાઓ કરનારા નેતાઓ જોયા હતા, પણ આટલી સહેલી, સાદી સીધી ભાષામાં પોતાના વિચારો મૂકનાર નેતા એમણે પહેલી જ વાર જોયો. પંજાબમાં સંઘનો પાયો પાકો થયો.

ડૉક્ટર સાહેબ બંગાળમાં ગયા ત્યાં નવી જ શાખાઓ શરૂ થઈ હતી. ત્યાંના બાલ સ્વયંસેવકો પણ કહે, 'આવ્યા, આપણા ડૉક્ટર આવ્યા !'

Scanned by CamScanner

ડૉક્ટરે ત્યાં અનેક નાના મોટા લોકોની મુલાકાત લીધી. અનેક લોકોને લાગતું કે આ તે કંઈ દેશનું કામ કહેવાય ! બૉંબ બનાવવાના નથી. શસ્ત્રાસ્ત્રો એકઠાં કરવાનાં નથી, ભાષણો નહીં, લેખ નહીં ! આવું આ કામ ? ડૉક્ટર એમને કહેતા કે સ્વરાજ્ય મેળવવું અઘરું નથી, એ ટકાવવું અઘરું છે. આ દુનિયામાં જે યોગ્ય હોય છે, તેને જ બધું મળે છે. અયોગ્ય હોય તે બધું ગુમાવી બેસે છે. આપણે અયોગ્ય થયા માટે ગુલામ બન્યા. આપણે ગયેલો વૈભવ ફરીથી પ્રાપ્ત કરી શકીશું. આપણે વધુ ને વધુ યોગ્ય કેવી રીતે બની શકીએ એનો જ સંઘ વિચાર કરે છે. યોગ્ય બનવું જોઈએ. આ એક જ વાત સંઘ શીખવે છે. આપણે વધુ ને વધુ યોગ્ય બનવા માટે સંઘ આવશ્યક બધા કાર્યક્રમો અપનાવે છે. સંઘ બીજું કંઈ કરતો નથી. બાકીની બધી વાતો આપમેળે આવશે. બીજાં બધાં કામ છોડી સંઘના કામ પ્રત્યે તમે ધ્યાન આપો.

ડૉક્ટર એક વખત પુણે ગયા હતા. પુણેના એક રસ્તા ઉપરથી પસાર થતાં તેમને સામેથી આવતા બે છોકરા મળ્યા. ડૉક્ટર તરફ જોઈને એ હસ્યા, ડૉક્ટર એમના તરફ જોઈને હસ્યા. ડૉક્ટર સાથે ત્યાંના સંઘચાલક હતા. ડૉક્ટરે એમને કહ્યું, ‘હમણાં અહીંથી ગયા એ છોકરાઓ સ્વયંસેવકો છે !’ એમણે સામે પૂછ્યું, એમના પોષાકમાં કે બીજા કશામાં સંઘનું કોઈ ચિહ્ન નહોતું, છતાં તેઓ સંઘના છે એમ તમે કેવી રીતે જાણ્યું ? ડૉક્ટર કહે : ‘મનની ઓળખાણથી અમે એક બીજાને ઓળખી શક્યા. મન ઘડવાં અને મન જોડવાં એ જ સંઘનું કામ છે ! આ બહુ અઘરું કામ છે, પણ બહુ મહત્ત્વનું કામ છે. મન એટલે જ ખરો માણસ !’

Scanned by CamScanner

# બંધુભાવના

સંઘમાં પ્રવેશ કરતાંની સાથે કોઈ વિશેષ પ્રયત્ન કર્યા વગર અનેક સામાજિક ભેદભાવો ખતમ થાય છે અને આપણે બધા ભાઈ ભાઈ છીએ 'એવી સમજ ઉત્પન્ન થાય છે. આ કેવી રીતે બને છે એનું અનેક લોકોને આશ્ચર્ય લાગતું, સંઘ બહારના વિદ્વાન વિચારશીલ લોકો આ વિશે ડૉક્ટરને હંમેશાં પૂછતા. એમને ઉત્તર આપતાં ડૉક્ટર સાહેબ કહેતા, 'આ કોઈ જાદુ નથી અને એની પાછળ કોઈ ગૂઢ રહસ્ય પણ નથી. આ એક સીધી અને સરળ વાત છે. જે ધ્યેય આપણે પ્રાપ્ત કરવું છે, તે ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એનું જ સ્મરણ અને ઉચ્ચારણ આપણે કરવું જોઈએ. દોષ વાગોળતા ન રહીએ. દોષોનું વારંવાર સ્મરણ અને ઉચ્ચારણ આપણે કરવું જોઈએ. આ સાદી વાત અનેક લોકોના ધ્યાનમાં આવતી નથી. પછી એમનો આખો ધ્યેયવાદ એમનાં ભાષણોમાં અને લેખોમાં જ સમાઈ જાય છે અને પ્રત્યક્ષ વ્યવહારમાં બધું ઊલટું જ થતું હોય છે.'

ઈ.સ. ૧૯૩૪ના ડિસેમ્બર મહિનાનો પ્રસંગ છે. વર્ધા ગામમાં જમનાલાલ બજાજના બગીચામાં સંઘનો શિશિર શિબિર યોજાયો હતો. ત્યાંથી થોડેક જ દૂર, જમનાદાસજીના બંગલામાં મહાત્મા ગાંધી રહેતા હતા. શિબિરની સરસ વ્યવસ્થા, ત્યાંની કડક શિસ્ત, સ્વયંસેવકોની પરિશ્રમશીલતા, એમનો ગણવેશ, પોતાનો ખર્ચ કરી સ્વયંસેવકોનું શિબિરમાં આવવું, પોતાના પૈસે ભોજનની વ્યવસ્થા વગેરે અનેક વિશેષતાઓ મહાત્માજીના સાંભળવામાં આવી હતી. એમના મનમાં શિબિર જોવાની ઉત્સુકતા જાગી. એમણે રાતે સંદેશો મોકલ્યો અને બીજે દિવસે સવારે ૬ વાગ્યે મહાત્માજી શિબિરમાં ગયા. શિબિરના અધિકારી અને જિલ્લાના સંઘચાલક શ્રી આપ્પાજી જોશીએ એમનું હાર્દિક સ્વાગત કર્યું. એમને શિબિરના



Scanned by CamScanner

બધા વિભાગોમાં ફેરવ્યા. પછી સ્વયંસેવકોએ સમતા (ડ્રીલ), વ્યાયામ, યોગ વગેરે કાર્યક્રમો કર્યા. શિબિરની વ્યવસ્થા અને અનુશાસનપૂર્ણ વાતાવરણ મહાત્માજીને બહુ ગમ્યું. તંબૂઓમાં ફરીને મહાત્માજીએ અનેક સ્વયંસેવકોનો પરિચય કરી લીધો અને તેમને અનેક પ્રકારના પ્રશ્નો પૂછ્યા. એમાંના કેટલાક પ્રશ્નોત્તર આ પ્રમાણે હતા :

મહાત્માજી : આ ગણવેશ તમને કોણે આપ્યો ?

સ્વયંસેવક : ગણવેશ દરેક સ્વયંસેવકનો પોતાનો હોય છે. મેં મારો ગણવેશ મારા ગામમાં સીવડાવી લીધો છે.

મહાત્માજી : પણ એ સીવડાવવાના પૈસા કોણે આપ્યા ?

સ્વયંસેવક : મારાં મા બાપે. આ ગણવેશનું પૂછો છો, પણ અહીંનું ભોજન ખર્ચ પણ સ્વયંસેવક પોતે આપે છે. દૂરનાં ગામોથી આવેલા સ્વયંસેવકોએ પ્રવાસ ખર્ચ પણ પોતે કરેલો છે. સંઘનો એવો જ નિયમ છે.

મહાત્માજી : પ્રવાસનો ભોજનનો ખર્ચ પણ કરવાનો, ગણવેશ પણ પોતે જ તૈયાર કરવાનો અને અહીં તદ્દન સાદાઈથી રહી પરિશ્રમ કરવાનો. એથી તમને શો લાભ ? શા માટે તમે આ બધું કરો છો ? અહીંનું તમને એવું કયું આકર્ષણ છે ?

સ્વયંસેવક : એ મને બરાબર કહેતાં ફાવશે નહીં, પણ બધાએ સાથે ઊઠવું, બેસવું, રમવું, ઊંઘવું, જમવું એ બધું અમે આપણા દેશ માટે કરીએ છીએ એવી ભાવના મનમાં કેળવવામાં અમને બહુ આનંદ આવે છે. સંઘમાં આવતાં જ અમને અનેક સગા ભાઈઓ મળે છે.

મહાત્માજી : તું કોણ છે ? કઈ જાતિનો છે ?

સ્વયંસેવક : હું વિદ્યાર્થી છું. હું બ્રાહ્મણ છું.

મહાત્માજી : અને તમે ?

સ્વયંસેવક : હું રાજસ્થાની વૈશ્ય છું. મારી દુકાન છે.

મહાત્માજી : તમે ?



Scanned by CamScanner

સ્વયંસેવક : હું ખેતરમાં મજૂરી કરું છું. હું ભંગી છું.

આ રીતે મહાત્મા ગાંધી એક એક સ્વયંસેવકને એનો પરિચય પૂછવા લાગ્યા. કોઈ મોચી હતો, કોઈ ઘાંચી હતો, કોઈ મરાઠા ક્ષત્રિય હતો, તો કોઈ સોની હતો. આમ જુદી જુદી ન્યાતજાતના અને ઉદ્યોગધંધાના લોકો ત્યાં આનંદમાં સાથે રહેતા હતા.

મહાત્માજી : તમે અહીં અસ્પૃશ્યો સાથે રહો છો, ઊઠો છો, બેસો છો, અરે જમો પણ છો. એવું શાથી ?

સ્વયંસેવક : અમે સંઘમાં કોઈ જાતનો ભેદભાવ સ્વીકારતા નથી. સંઘને અસ્પૃશ્યતા બિલકુલ માન્ય નથી. અમને ઘણીવાર એકબીજાની જાતિની પણ ખબર હોતી નથી. એ જાણવાની અમને ખાસ ઉત્સુકતા પણ હોતી નથી. જાતિ મહત્ત્વની નથી, પણ દેશપ્રેમ મહત્ત્વનો છે એ જ અમને શીખવવામાં આવે છે. આપણે ભાઈઓ છીએ. આપણે ભારતમાતાના પુત્રો છીએ. એટલે આપણે બધા હિંદુ છીએ. આપણે ભારતમાતાના પુત્રો છીએ. એટલે આપણે ભાઈઓ છીએ. એ જ વાણી અને વર્તન અમારા મન ઉપર ઠસાવવામાં આવે છે, તેથી આ ઊંચો, આ નીચો એવો વિચાર પણ અમારા મનને સ્પર્શતો નથી.

સંઘનો એ શિબિર જોઈને ગાંધીજી ખૂબ પ્રસન્ન થયા. ત્યારબાદ બીજે દિવસે ડૉક્ટર હેડગેવાર વર્ધા આવ્યા ત્યારે મહાત્માજીએ એમને ખાસ બોલાવ્યા. સંઘના આધારભૂત સિદ્ધાંતો વિશે અને સંઘની કાર્યપદ્ધતિ વિશે મહાત્માજીએ ડૉક્ટરને અનેક પ્રશ્નો પૂછ્યા. ડૉક્ટરે પોતાની રીત પ્રમાણે તદ્દન શાંતિથી, સાદી સરળ ભાષામાં અને સ્પષ્ટ શબ્દોમાં સંઘનો વિચાર તેમને સમજાવ્યો. એ શિબિર જોઈને અને ડૉક્ટર હેડગેવાર સાથેના વિચાર વિનિમયથી ગાંધીજી બહુ પ્રભાવિત થયા.

આ રીતે નાના મોટા કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દેશની નાની મોટી વ્યક્તિઓનાં મન આકર્ષતો હતો. સંપૂર્ણ દેશમાં બંધુભાવ ઉત્પન્ન કરવાનું એનું કામ વેગથી ચાલતું હતું અને ગામેગામ સુધી ફેલાતું હતું.



Scanned by CamScanner

# અખંડ પરિશ્રમ

સતત પરિશ્રમ કરવાને લીધે ડૉ. હેડગેવાર બીમાર પડ્યા. વિશ્રાંતિ માટે અનેક ઉપચાર માટે એમને નાસિક લાવવામાં આવ્યા. ડૉક્ટરે કહ્યું, 'એમણે ખૂબ વિશ્રાંતિ લેવી જોઈએ. રોજ રાતે દસ વાગે એમણે ઊંઘી જવું જોઈએ.'

પણ ડૉક્ટરજીની બાર એક વાગ્યા સુધી તો બેઠકો ચાલતી. એ બેઠકોમાં એવો રંગ જામતો કે સાંભળનાર ભાન ભૂલી જતા. ડૉક્ટરે એક દિવસ કહ્યું, 'હું પોતે આજે ડૉક્ટર હેડગેવારને પોણા દસ વાગે સૂચના આપીશ અને દસ વાગે એમને સૂવડાવી દઈશ.'

એ અનુસાર રાતે નવ વાગે જ તેઓ બેઠકમાં આવ્યા. બેઠકમાં ખૂબ રંગ જામ્યો. સૂચના આપવા આવેલા ડૉક્ટર પોતે જ ત્યાં શા માટે આવ્યા હતા એ વિસરી ગયા. એમને બેઠકમાં ખૂબ મઝા આવી. તેઓ તલ્લીન થઈને ડૉક્ટર સાહેબને સાંભળવા લાગ્યા. બાર વાગી ગયા. બેઠક પૂરી થઈ. ઉપચાર કરનારા ડૉક્ટરે ઘડિયાળ તરફ જોયું. ને બોલી ઊઠ્યા, 'અરે ! હું સૂચના આપવા આવ્યો હતો અને હું જ ભૂલ્યો !'

ડૉક્ટર સાહેબની સાદી વાણી બહુ મોહક હતી, બહુ અસરકારક હતી. તેઓ અંતઃકરણના ઊંડાણમાંથી બોલતા હતા. સાચી તાલાવેલીથી બોલતા હતા. એમના એકેએક શબ્દની પાછળ એમની તપશ્ચર્યા પડી હતી.

Scanned by CamScanner

# કુશ પથક

સંઘમાં શરૂઆતમાં ફક્ત તરુણો આવતા. ધીરે ધીરે એમની સાથે એમના નાના ભાઈ પણ આવવા માંડ્યા. એટલે હવે કિશોરોનું પણ એક પથક તૈયાર થયું. એ પથકનું નામ 'કુશ પથક' રાખવામાં આવ્યું.

ભગવાન રામચંદ્રને બે પુત્રો હતા : લવ અને કુશ. એ એમની માતા સાથે આનંદથી વનમાં ઉછર્યા, ઝૂંપડીમાં રહ્યા, સાદું બરછટ અનાજ ખાઈને રહ્યા. જુદી જુદી કલાઓ અને વિદ્યાઓ શીખ્યા. રામનાં પત્ની હોવા છતાં સીતામાતા વનવાસમાં હતાં, દુ:ખમાં હતાં.

'જૂનો તેજસ્વી ઇતિહાસ હોવા છતાં આપણી ભારતમાતા દુ:ખી છે, લવે અને કુશે એમની માતાનું દુ:ખ દૂર કર્યું, તેવી રીતે આપણે પણ ભારતમાતાનું દુ:ખ દૂર કરીશું ?' આ જ વિચાર એ કુશ પથકના કિશોરોના મનમાં ઠસી ગયો. એ એમના જીવનમાં સોંસરો ઊતરી ગયો. એ ભણ્યા, ગણ્યા અને મોટા થયા, પણ કુટુંબના ચોકઠામાં ફસાઈ ન ગયા.

એ દૂર દૂરનાં નગરો અને ગામડાંમાં ગયા. નવા નવા પ્રાંતોમાં ગયા. ત્યાં તેમણે સંઘની શાખાઓ શરૂ કરી. હિંદુસ્થાનનાં બધાં મોટાં શહેરોમાં શાખાઓ શરૂ થઈ. ભણેલા ગણેલા તરુણો સંઘનું કામ વધારવા માટે કુટુંબકબીલો છોડી બહાર જવા લાગ્યા. નાગપુરથી બહુ જ મોટી સંખ્યામાં આવા તરુણો બહાર નીકળ્યા. તેઓ જુદા જુદા પ્રાંતોમાં ગયા. કેટલાક તમિળ ભાષા શીખ્યા, કોઈ ગુજરાતી શીખ્યા, કેટલાક પંજાબી શીખ્યા, કેટલાક બંગાળી શીખ્યા, આ દેશ મારો છે, એવો વિચાર, એવો સાદ આખા દેશમાં ગાજવા લાગ્યો.

પ્રાચીનકાળમાં ભગીરથે ગંગા પૃથ્વી ઉપર આણી, તેની જેમ જ ડૉક્ટરે સંઘ શરૂ કર્યો. સંઘના પ્રવાહે બધામાં નવા જીવનનો સંચાર કર્યો.



Scanned by CamScanner

# સંઘકાર્યનું જ સતત ચિંતન

ડૉક્ટરનું શરીર લોખંડ જેવું ખડતલ હતું. નાનપણથી કષ્ટ સહન કરવાની એમને ટેવ હતી. સંઘનું કામ શરૂ કર્યા પછી એમના કષ્ટની સીમા જ રહી નહીં. તેઓ સતત ફરતા રહેતા. દોડધામ, શ્રમ, ઉજાગરા અને પ્રવાસનું ચક્ર મહિનાઓ ને મહિનાઓ અને વર્ષો સુધી ચાલતું રહ્યું.

છેવટે ડૉક્ટરનો દેહ થાક્યો. એ બીમાર પડ્યા. એમને ખૂબ પરસેવો થતો. એમની પીઠ સતત દુ:ખતી.

બિહાર પ્રાંતના રાજગીર ગામમાં ગરમ પાણીનાં ઝરણાં છે. એમાં સ્નાન કરવાથી આવો દુ:ખાવો મટી જાય છે એમ કેટલાક લોકોએ એમને સૂચવ્યું. સંઘના કાર્યકર્તાઓએ, ડૉક્ટરે રાજગીર જઈ એ ઈલાજ કરવો જોઈએ એવો આગ્રહ રાખ્યો. ડૉક્ટરે ત્યાં જવાનું નક્કી કર્યું. ડૉક્ટરની સાથે આપ્પાજી જોશી અને કેટલાક કાર્યકર્તા રાજગીર ગયા.

રાજગીરમાં બીમારી માટેના ઉપચાર શરૂ થયા. બીજા જ દિવસથી ડૉક્ટરની મુલાકાતો પણ શરૂ થઈ. ત્યાંના મુખ્ય લોકોને મળીને ડૉક્ટરે એમની બેઠક લીધી. સંઘ શું છે એ એમને વિગતે સમજાવ્યું. થોડા સમયમાં જ ત્યાં સંઘની શાખા શરૂ થઈ ગઈ. આજુબાજુનાં નગરોમાં શાખા કેવી રીતે શરૂ થઈ શકે અને બિહાર પ્રાંતમાં સંઘનું કામ કેવી રીતે વધી શકે એની યોજના બનાવવામાં આવી.

ડૉક્ટરની સાથે આવેલા સ્વયંસેવકો મૂંઝવણમાં પડ્યા કે ડૉક્ટર અહીં ઉપચાર માટે આવ્યા છે કે સંઘનું કામ કરવા આવ્યા છે ! બીમાર હતા તો પણ એમના મનમાં સતત સંઘનો જ વિચાર રહેતો હતો.



Scanned by CamScanner

## ૪૫

# યાચિ દેહિ યાચિ ડોળ્યા

'આ જ શરીરથી અને આ જ આંખોથી હું સંઘનું કામ પૂરું થયેલું જોઈશ - યાચિ દેહિ યાચિ ડોળ્યા.'

'આપણું કામ જલદીથી વધવું જોઈએ. આ ૧૯૪૦નું વર્ષ પણ એમ ને એમ જ વીતી જશે ?'

આપ્પાજી જોશીએ ચમકીને ડૉક્ટર તરફ જોયું. ડૉક્ટર ઊંઘમાં હતા. ઊંઘમાં પણ આ મહામાનવને સંઘ સિવાય બીજું કંઈ સૂઝતું ન હતું. સંઘનું કામ વેગથી વધવું જોઈએ. આ દેહ છે ત્યાં સુધીમાં જ અને આ જ આંખોથી આપણે ધ્યેયને સાકાર થયેલું જોવું એવી એમની તીવ્ર ઈચ્છા હતી, પણ એમનું શરીર એમને બરાબર સાથ આપતું નહોતું.

એમણે પોતાના જેવા અનેક કાર્યકર્તાઓ નિર્માણ કર્યા હતા. લખનૌમાં શિક્ષણ લેવા ગયેલા ભાઉરાવ દેવરસ ઉત્તર પ્રદેશમાં સંઘનું કામ વેગથી વધારી રહ્યા હતા. પંજાબમાં રાજાભાઉ પાતુરકર નવી નવી શાખાઓ શરૂ કરતા હતા. માળવા અને મહાકોશલ પ્રાંતમાં એકનાથ રાનડે પ્રચાર કરતા હતા. ખુદ દિલ્હી શહેરમાં અને આસપાસના પ્રદેશમાં વસંતરાવ ઓક સ્થાન સ્થાન પર સંઘનો ધ્વજ ફરકાવતા હતા. કોંકણ પ્રાંતમાં માધવરાવ મૂળેએ ગામગામમાં સંઘશાખાઓ ઊભી કરી હતી. દક્ષિણમાં દાદારાવ પરમાર્થ પ્રયત્નોની પરાકાષ્ઠા કરતા હતા. બાળાસાહેબ દેવરસને બંગાળમાં મોકલવામાં આવ્યા હતા. નરહરિ પારખી અને બાપુરાવ દિવાકર બિહાર પ્રાંતમાં સંઘનું કામ વધારતા હતા. બાબાસાહેબ આપટે આખા દેશમાં ફરી નવા નવા પ્રચારકો નિર્માણ કરતા હતા.

આ બધા તરુણ ભણેલા ગણેલા, બુદ્ધિમાન અને કર્તૃત્વવાન હતા. એ બધાના મુકુટમણિ તરીકે શોભે એવા માધવ સદાશિવ ગોળવલકર એટલે ગુરુજી ખૂબ પ્રયત્નને અંતે સંઘને પ્રાપ્ત થયા હતા. એ એક સમયે કાશીમાં પ્રાધ્યાપક હતા. એમણે નાગપુરમાં વકીલાત કરી હતી. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના



Scanned by CamScanner

ચીલે ચાલવાના હેતુથી તેઓ હિમાલયના માયાવતી આશ્રમમાં પણ જઈ આવ્યા હતા, પણ હવે એ પૂર્ણતઃ સંઘના બન્યા હતા. ડૉક્ટરના આદેશ અનુસાર સંઘના સરકાર્યવાહ તરીકે અખિલ ભારતીય કાર્ય સંભાળતા હતા. કૃષ્ણરાવ મોહરીલ, રામભાઉ જામગડે, યાદવરાવ જોશી, બાપુરાવ ભિશીકર વગેરે અનેક કાર્યકર્તાઓ ડૉક્ટર કહેતા ત્યાં જતા અને સંઘનું કામ કરતા હતા.

પોતાનું ઘરબાર છોડી, વ્યક્તિગત ઈચ્છા રાખ્યા વગર, લગ્ન કે નોકરી ન કરતાં, દેશના હિત ખાતર પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારા સેંકડો કાર્યકર્તા જેમ ડૉક્ટરે નિર્માણ કર્યા; તેવી જ રીતે પુણેના પ્રસિદ્ધ વકીલ બ.ના. ભીડે એટલે બાબારાવ ભીડે, ટિમાનીના સરદાર કુટુંબના શ્રીમંત ભાઉસાહેબ ભુસ્કુટે, ઉમરેડના ભૈયાજી દાણી જેવા પોતાનો કુટુંબકબીલો સંભાળી, વકીલાત ડૉક્ટરી કે એવાં બીજાં કામ કરીને પૂર્ણ તન મન ધનથી સંઘ માટે જહેમત ઉઠાવનારા હજારો પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ એમણે નિર્માણ કર્યા.

સેવા ત્યાગવૃત્તિ, સચ્ચાઈ અને પરિશ્રમની એક નવી હવા સંઘે નિર્માણ કરી. સંઘની પ્રગતિ જોઈને લોકોને આશ્ચર્ય થવા લાગ્યું. અનેક પ્રાંતોમાં સંઘ શિક્ષાવર્ગ ભરાવા લાગ્યા. હજારો સ્વયંસેવકોના પથસંચલન થવા લાગ્યા. લોકોને લાગતું કે હિંદુસમાજમાં કદી ન હતું એવું સંગઠન સંઘે નિર્માણ કર્યું છે. સંઘના હાથ હવે આકાશને આંબે છે. સંઘે અદ્ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

પણ ડૉક્ટરને સંતોષ નહોતો. કેવડો મોટો હિંદુસમાજ હજી બાકી પડ્યો છે. કેટલાય પ્રશ્નો અને સંકટો ચારે બાજુએ ઊભાં હતાં. હિંદુસમાજ દુર્બળ અને ધ્યેયહીન બન્યો હતો. આપણે કોણ, આપણું કર્તવ્ય શું, એનું ભાન એને ન હતું. એ બધું એમને બદલવું હતું. એમની આંખો સામે વિરાટ દૃશ્ય હતું. શક્તિશાળી, વૈભવશાળી, સ્વતંત્ર હિંદુરાષ્ટ્રનું સ્વપ્ન એ જોતા હતા. એની તાલાવેલી એમને લાગી હતી. રાતદહાડો એ જ વિચાર એમના મનમાં ઘોળાતો હતો.

પણ અફસોસ ! એમનું શરીર ઝડપથી કથળતું જતું હતું. રાજગીરમાં અનેક દિવસ રહેવા છતાં અને અનેક ઈલાજ કરવા છતાં એમની તબિયત સુધરતી ન હતી.

છેવટે એમણે પહેલાંની માફક પ્રવાસ ચાલુ કર્યો. શાખાઓની મુલાકાત, બેઠકો અને પ્રવાસ વગેરે બધા કાર્યક્રમો એમણે ફરીથી તીવ્રતાથી શરૂ કર્યા.



Scanned by CamScanner

# સંઘ શિક્ષણ વર્ગ

દર વર્ષે ઉનાળામાં સંઘના શિક્ષણ વર્ગો ભરાતા હતા. ૧૯૫૦ની વાત છે. પુણેનો શિક્ષણ વર્ગ પૂરો કરી ડૉક્ટર સાહેબ નાગપુર આવ્યા. પહેલાંથી જ એમની તબિયત સારી નહોતી. નાગપુર આવ્યા પછી એ વધુ બગડી.

સંઘના શિક્ષણ વર્ગમાં દૂરદૂરના સ્વયંસેવકો આવતા. નાગપુરમાં જ ફક્ત ત્રીજા વર્ષનું શિક્ષણ મળતું હોવાથી ત્યાંના વર્ગમાં બધા પ્રાંતોના સ્વયંસેવકો આવતા.

ડૉક્ટર સાહેબ વર્ગના બધા સ્વયંસેવકોને મળતા, પણ વર્ગ નાગપુરમાં હોવા છતાં બીમારીને લીધે તેઓ વર્ગમાં આવી શક્યા નહીં, એનું એમને બહુ દુઃખ હતું. એમના શરીરમાં બહુ તાવ હતો. એ બહુ કૃશ થયા હતા. તેથી એમનાં દવાદારૂ કરનારા ડૉક્ટરોએ એમને ક્યાંય જવાની રજા આપી નહીં.

સ્વયંસેવકોને મળવું, એમની સાથે વાતો કરવી, એમના સુખદુઃખમાં સહભાગી થવું. ગપ્પાં મારતાં મારતાં અને હસીમજાક કરતાં કરતાં સ્વયંસેવકોના મનમાં ધીરેથી પ્રવેશ કરવો અને એમનું યોગ્ય ઘડતર કરવું એ ડૉક્ટરનો મનગમતો વિષય હતો. એ જ એમની દેશસેવા હતી. એ જ એમની ઈશ્વરભક્તિ હતી, એમના સુખની ચાવી હતી.

સંઘની સ્થાપના પછી સતત પંદર વર્ષ તેઓ આ જ આનંદ સાગરમાં મગ્ન હતા. એ આનંદ સતત વધતો જાય અને એ આનંદ બધા લૂંટી શકે એ માટે પ્રાણની પરવા કર્યા વગર તેઓ મથતા હતા. એમનું શરીર થાક્યું હતું. તાવથી શરીર ગરમ લ્હાય થયું હતું તો પણ મન સ્વયંસેવકોને મળવા તરફડતું હતું, પણ ડૉક્ટરો ના પાડતા હતા, કાર્યકર્તાઓ ના પાડતા હતા.

સંઘના મુખ્ય કાર્યકર્તાઓ સતત એમની પાસે બેસી રહેતા. એમની સેવા કરતા, પણ દૂધની ગરજ છાશ કેવી રીતે સારે ? ડૉક્ટરને તો બધા સ્વયંસેવકો સાથે વાતો કરવી હતી. આંખો ધરાય એટલી વાર સ્વયંસેવકોને જોવા હતા. એમની અસ્વસ્થતા ખૂબ વધવા લાગી.

છેવટે કાર્યકર્તાઓએ દવા કરનારા ડૉક્ટરોની પરવાનગીથી તેમને સંઘ શિક્ષણ વર્ગમાં લઈ જવાનું નક્કી કર્યું.



Scanned by CamScanner

૪૭

# અંતિમ ભાષણ

૯ જૂન, ૧૯૪૦ના રોજ ડૉક્ટર વર્ગમાં આવ્યા. એ વર્ષે વર્ગમાં સ્વયંસેવકોની સંખ્યા બહુ મોટી હતી. બંગાળી, બિહારી, તમિળ, તેલુગુ, કર્ણાટકી, ગુજરાતી, સિંધી, પંજાબી, કાશ્મીરી, રાજસ્થાની, મહારાષ્ટ્રીયન એમ બધા પ્રાંતોના, બધી જાતિઓના અને ચૌદથી ચોર્યાસી સુધીની ઉંમરના સ્વયંસેવકો એ વર્ગમાં હતા. ભારતનું લઘુ સ્વરૂપ જાણે ખડું થયું હતું.

વર્ગના સર્વાધિકારી સાથે ડૉક્ટર બૌદ્ધિક ખંડમાં આવ્યા. સ્વયંસેવકો ઊભા રહ્યા 'ઉપવિશ'ની આજ્ઞા મળતાં જ બધા નીચે બેઠા. વ્યાસપીઠ ઉપર મૂકેલી ખુરશી પર ડૉક્ટર બેઠા. એમણે બધાને જોયા. બધા એકીટશે એમના તરફ જોતા રહ્યા. ધીરગંભીર સ્વરથી એ શાંતપણે બોલવા લાગ્યા.

'માનનીય સર્વાધિકારી, પ્રાંત સંઘચાલક, અન્ય અધિકારીઓ અને પ્રિય સ્વયંસેવક ભાઈઓ.'

'હું આજે તમારી સમક્ષ ઠીક રીતે બે શબ્દો પણ બોલી શકીશ કે નહીં એની મને શંકા છે. ચોવીસ દિવસ થયા, હું તદ્દન પથારીવશ છું. વાસ્તવિક રીતે આ વર્ષ સંઘની દૃષ્ટિએ બહુ ભાગ્યશાળી વર્ષ છે કારણ કે આ વર્ગમાં હું મારી સામે હિંદુ રાષ્ટ્રની જાણે કે નાનીશી પ્રતિમા જ જોઉં છું, પણ મારી બીમારીને લીધે દૂરદૂરથી આવેલા તમને હું મળી શક્યો નહીં, મનમાં ખૂબ ઈચ્છા હોવા છતાં હું આપનો બધાનો પરિચય કરી શક્યો નહીં. પુણેના સંઘ શિક્ષણ



Scanned by CamScanner

વર્ગમાં હું પંદર દિવસ હતો. ત્યાં મેં બધા સ્વયંસેવકોનો પરિચય કરી લીધો, પરંતુ અહીં હું તમારી કંઈ સેવા કરી શક્યો નહીં. એ શક્ય થયું નહીં તો કમ સે કમ તમને બધાને એક સાથે જોવા અને બની શકે તો તમારી સાથે થોડી વાતો કરું એટલા માટે હું આજે અહીં આવ્યો છું.'

'તમને સૌને મારો પૂર્વ પરિચય નથી. તમારામાંથી ઘણાએ કદી મને જોયો પણ નથી, છતાં મારું મન તમારા તરફ અને તમારું મન મારા તરફ કેમ ખેંચાય છે ? કારણ કે આપણા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારા એવી પ્રભાવી છે. સંઘનો વિચાર સ્વીકારવાથી જેમની સાથે કોઈ પરિચય નથી તેઓ પણ એકબીજાથી આકર્ષિત થાય છે અને એકબીજાને પ્રેમ કરે છે. થોડીવારમાં એમની વચ્ચે ગાઢ મિત્રતા ઉત્પન્ન થાય છે.

'કેટલાક દિવસ પહેલાંની વાત છે. હું અને સાંગલીના કાશીનાથરાવ પુણેના લકડી પુલ ઉપરથી જતા હતા એ જ વખતે સામેથી નવ દસ વર્ષના બે છોકરા આવતા હતા. અમારા તરફ જોઈ સહેજ હસીને એ છોકરા આગળ ચાલવા લાગ્યા. મેં કાશીનાથરાવને કહ્યું કે એ બંને સંઘના સ્વયંસેવકો છે. કાશીનાથરાવે કહ્યું, 'તમે કેવી રીતે ઓળખ્યા ? એવી કોઈ બહારની નિશાની તો એમના શરીર પર દેખાતી નથી !' ત્યારે મેં કહ્યું, 'તમારે ખાતરી કરવી છે ?' મેં એ છોકરાઓને બોલાવ્યા અને પૂછતાં જવાબ મળ્યો : હા, બે વર્ષ પહેલાં આપ અમારી શાખામાં આવ્યા હતા. આપ અમારા સરસંઘચાલક ડૉક્ટર હેડગેવાર છો અને આ છે સાંગલીના કાશીનાથરાવ લિમયે. આ સંઘની તપસ્યાનું ફળ છે. આ એક માણસનું કામ નથી.

'હમણાં જ આપણી સામે મદ્રાસના સંજીવ કામથનું ભાષણ થયું. એ મહેમાન



Scanned by CamScanner

તરીકે અહીં આવ્યા હતા. ચાર દિવસ આપણી સાથે રહી આપણા બંધુ બનીને હવે પાછા ફરે છે. એનું શ્રેય કોઈ એક માણસને નથી. એ સંઘનું શ્રેય છે.'

'ભાષા જુદી, રહેણીકરણી જુદી અને છતાં પંજાબ, બંગાળ, મદ્રાસ, મુંબઈ, સિંધ વગેરે દૂર દૂરના પ્રાંતોમાંથી આવેલા સ્વયંસેવકો એકબીજા પર આટલો પ્રેમ કેમ રાખે છે ? એનું એક જ કારણ છે, એ સૌ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘટકો છે. આપણા સંઘનો દરેક ઘટક અન્ય સ્વયંસેવકો પર પોતાના ભાઈ કરતાં વધુ પ્રેમ કરે છે. સગા ભાઈઓ પણ જમીન મિલકત માટે, સંપત્તિ માટે ઝઘડા કરે છે, પણ સ્વયંસેવકો વચ્ચે આમ કદી બનશે નહીં !'

'ચોવીસ દિવસથી હું ઘેર પથારીવશ હતો, પણ મારું મન તો તમારી પાસે જ હતું. શરીરથી ઘેર અને મનથી વર્ગમાં એવી મારી સ્થિતિ હતી. ગઈકાલે સાંજે કમ સે કમ પ્રાર્થના માટે પાંચ મિનિટ સંઘસ્થાન પર આવવાની મારી તીવ્ર ઈચ્છા હતી, પણ ડૉક્ટરે મને આવવા દીધો નહીં.'

'આજે તમે પોતપોતાને ઘેર જઈ રહ્યા છો. હું તમને વિદાય આપવા માટે અહીં આવ્યો છું. આપણે એકબીજાથી દૂર જવાના છીએ, તો પણ આ દુઃખનો પ્રસંગ નથી. અહીં ભેગા થઈને આપણે એક મહાન કાર્યનો નિશ્ચય કર્યો છે. એ કામ કરવા માટે આપણે અહીંથી જઈ રહ્યા છીએ.'

'જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી સંઘને ભૂલીશ નહીં ! એવી પ્રતિજ્ઞા લો. કોઈપણ મોહને વશ થઈ આપણો માર્ગ છોડતા નહીં. પાંચ વર્ષ પહેલાં હું સંઘનો ઘટક હતો એવું કહેવાનો વખત કદી આવવા દેતા નહીં. આપણે આજીવન સ્વયંસેવકો છીએ. તન મન ધનથી સંઘનું કામ કરવાનો નિશ્ચય તમારા મનમાં સતત જાગતો રહેવા દો. આજે મારાથી કેટલું કામ થયું ? આજ સંઘનું



Scanned by CamScanner

કામ મેં ટાળ્યું તો નથી ને ? એવું રોજ સૂતી વખતે મનને પૂછો. રોજ સંઘસ્થાન ઉપર ઉપસ્થિત રહ્યા એટલે સંઘનું કામ થઈ ગયું એમ નથી, એ હંમેશાં ધ્યાનમાં રાખો. હિમાલયથી માંડી કન્યાકુમારી સુધી ફેલાયેલા આપણા હિંદુ બંધુઓને આપણે સંગઠિત કરવા છે. આપણું મહત્ત્વનું કામ બહાર છે. સંઘ ફક્ત સ્વયંસેવકો પૂરતો નથી, સંઘ બહારના લોકો માટે પણ છે. દેશની ઉન્નતિ માટે સાચો માર્ગ લોકોને બતાવવો એ આપણું કર્તવ્ય છે. હિંદુ જાતિનું સાચું કલ્યાણ આપણા આ સંગઠનથી જ થવાનું છે. બીજું કોઈ કામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કરવાનું નથી. સંઘ હવે પછી શું કરવાનો છે ? એવા પ્રશ્નનો કોઈ અર્થ નથી. સંઘે આ જ કામ હવે પછી પણ વેગથી કરવાનું છે. આ માર્ગે ચાલતાં ચાલતાં એક સોનાનો દિવસ ઊગશે, એ તમે ચોક્કસ સમજજો. એ દિવસે સમસ્ત હિંદુસ્થાન સંઘમય થયો હશે. પછી હિંદુ જાતિ તરફ વાંકી નજરે જોવાની કોઈ હિંમત કરશે નહીં. આપણે કોઈના પર આક્રમણ કરવું નથી, પણ આપણા ઉપર કોઈ આક્રમણ ન કરે એની કાળજી આપણે લેવી જ જોઈએ.'

'હું આજે તમને કોઈ નવા વિચાર કહેતો નથી. આપણામાંથી દરેક સ્વયંસેવકે એમ માનવું જોઈએ કે સંઘનું કામ મારા જીવનનું મુખ્ય કામ છે, સંઘનું કામ એ જ મારું જીવનકાર્ય છે. આ મંત્ર તમારા હૃદયપટ પર કોતરી તમે તમારા ગામ જશો એવી મને ખાતરી છે. આ વિશ્વાસથી હું તમને આજે વિદાય આપું છું.'

આ નાનું સરખું ભાષણ ખૂબ અસરકારક હતું. પૂર્ણ એકાગ્રતાથી સ્વયંસેવકો એ ભાષણ સાંભળતા હતા. ભાષણની વચમાં ડૉક્ટર સાહેબ બે મિનિટ અટક્યા હતા. એમને કદાચ થાક લાગ્યો હશે. કદાચ એમના મનમાં અનેક ઊર્મિઓ



Scanned by CamScanner

ઊભરાઈ આવી હશે. કદાચ ભવિષ્યનાં કોઈ ચિત્રો એમની આંખો સમક્ષ દેખાવા લાગ્યાં હશે !

એ બે મિનિટ તદ્દન શાંત હતા. સામે સેંકડો સ્વયંસેવકો બેઠા હતા, પણ કોઈ ચૂં કે ચાં કરતું નહોતું. બધા એકીટશે ડૉક્ટર તરફ જોતા હતા. અનેકોએ શ્વાસ પણ રોકી રાખ્યો હતો. અનેકોને રોમાંચ થયો હતો. અનેકોના અંતઃકરણમાં તેજનો સંચાર થયો હતો. એ બે મિનિટનું મૌન એમનું સૌથી મોટું ભાષણ હતું.

ભાષણ પૂરું થયું. એ ભાષણના રૂપમાં ડૉક્ટરે જાણે કે પોતાની બધી શક્તિ સ્વયંસેવકોમાં વહેંચી દીધી. ડૉક્ટર ખૂબ થાકી ગયા. થોડીવાર એમને કાર્યાલયમાં પડી રહેવું પડ્યું. જરા ઠીક લાગવા માંડ્યું ત્યારે એમને ઘેર લાવવામાં આવ્યા. ડૉક્ટર કેટલાકને જૂની વાતો પૂછતા હતા તો કોઈને કામની વૃદ્ધિ વિશે પૂછતા હતા. તે બધાને બહુ જ પ્રેમથી વિદાય આપતા હતા.

Scanned by CamScanner

# બીજી દુનિયાનું સંધાન

વર્ગનું કામ પૂરું કર્યા પછી સંઘના કાર્યકર્તાઓ હવે ડૉક્ટરની તબિયત વિશે જ વિચાર કરવા લાગ્યા. ડૉક્ટર અમારા ગામમાં આવીને આરામ કરે એવી માગણીઓ દૂર દૂરથી આવતી હતી, પણ ડૉક્ટર ક્યાંય જઈ શક્યા નહીં કારણ કે નિયતિની યોજના કંઈક જુદી જ હતી !

એમની તબિયત દિન પ્રતિદિન વધુ ને વધુ બગડવા લાગી. મોટા મોટા પ્રખ્યાત અને નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ઈલાજ કરાવાતાં પણ એમની તબિયતમાં જરા પણ સુધારો દેખાયો નહીં. દિનાંક ૧૫ જૂન, ૧૯૪૦ના રોજ એમને મેયો હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં બધી જાતની તપાસ કરવામાં આવી, પણ એમની વ્યાધિનું કોઈ નિદાન કરી શકાયું નહીં. એમની પીઠમાં ખૂબ દુઃખવા માંડ્યું. શરીરમાં સતત તાવ રહેતો અને થાક રહેતો. આ બધું વધતું ચાલ્યું, હૉસ્પિટલનું વાતાવરણ એમને બિલકુલ ગમતું નહોતું. છેવટે એમને નાગપુર નગર સંઘચાલક શ્રી બાબાસાહેબ ઘટાટેના ઘેર લઈ જવામાં આવ્યા.

મોટા મોટા ડૉક્ટરોની દવાઓ ચાલુ હતી. રાત દિવસ સ્વયંસેવકો એમની સેવા કરતા હતા. એમની તબિયત સુધરે એટલા માટે હજારો સ્વયંસેવકો ઈશ્વરની પ્રાર્થના કરતા હતા, પણ તબિયત તો દિવસે દિવસે વધુ ને વધુ કથળતી ગઈ.

એમને કદાચ પોતાની આવરદા પૂરી થવા આવી હોવાનું પૂર્ણ જ્ઞાન થઈ ગયું



Scanned by CamScanner

હતું. યાદવરાવ જોશી હંમેશાં તેમની પાસે જ રહેતા. એક દિવસ એમણે કહ્યું, 'યાદવ, સંઘના એક મોટા અધિકારીનું અવસાન થાય તો તમે એની શબયાત્રા કેવી રીતે કાઢશો ?'

એ પ્રશ્ન સાંભળી યાદવરાવના મનમાં તીવ્ર વેદના થઈ. વિષય ટાળવા માટે એમણે કહ્યું કે, 'દવા લેવાનો સમય થયો છે, આપું ?'

યાદવરાવે દવા આપી. ડૉક્ટરે એ લીધી. થોડીવાર પડી રહ્યા પછી બોલ્યા, 'આપણા સંઘમાં ઘરેલું વાતાવરણનું મહત્ત્વ છે. કોઈ સંઘના અધિકારીનું મૃત્યુ થાય તો એમની સ્મશાનયાત્રામાં હંમેશની સાદી વ્યવસ્થા જાળવવી જોઈએ. લશ્કરી આડંબર અથવા બીજી કોઈ બાબત ન હોવી જોઈએ.'

એક દિવસ બપોરની વાત. યાદવરાવે તેમને ચા આપી. ડૉક્ટરે કહ્યું, 'બધાને બોલાવો.' બધા અહીં તહીં ગયા છે એમ યાદવરાવે એમને કહ્યું, પણ ડૉક્ટરે ચા પીધી નહીં. ને છાનામાના પડી રહ્યા. થોડીવારમાં ગુરુજી ત્યાં આવ્યા. એમને બધી વાતની ખબર પડી. એમણે તરત જ દસબાર કપ ચા બનાવવા કહ્યું. બધા કાર્યકર્તાઓને ત્યાં બોલાવ્યા ત્યારેજ બધાની સાથે ડૉક્ટરે આનંદથી ચા પીધી.

પોતાની જીવનયાત્રા પૂરી કરતાં પહેલાં ઈસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને પ્રેમપૂર્વક જમાડ્યા હતા. સ્વામી વિવેકાનંદે પણ પરલોકગમન પૂર્વે પોતાના શિષ્યો સાથે અને ગુરુબંધુઓ સાથે ભોજન કર્યું હતું.

Scanned by CamScanner

## 'હું બંગાળમાં આવવાનો છું !'

દિનાંક ૧૯ જૂન, ૧૯૪૦ના રોજ સાંજે એક બંગાળી ગૃહસ્થ ડૉક્ટરને મળવા આવ્યા. એ જૂના ક્રાંતિકારી હતા અને તેમના જૂના સહકારી હતા. બંને એકબીજાને વળગીને ભેટી પડ્યા. જૂનાં સંસ્મરણો વાગોળવામાં કેટલોક વખત ગયો. પછી ડૉક્ટરે એમને કહ્યું, 'આ બીમારીમાંથી સાજો થતાં જ હું જલદી બંગાળમાં આવવાનો છું અને આપણા જૂના સહકારીઓને મળવાનો છું. આજની પરિસ્થિતિમાં સંઘનું કામ જ શા માટે સૌથી વધુ મહત્ત્વનું છે એ હું એમને સમજાવવાનો છું. બધા જો વાત ધ્યાનમાં લેશે તો દેશનું ચિત્ર બહુ જલદી બદલાઈ જશે !' આવી અનેક વાતો થઈ. છેવટે બંગાળી ગૃહસ્થ બોલ્યા, 'આવતીકાલે દેશગૌરવ સુભાષચંદ્ર બોઝ અહીં આવવાના છે. તમને મળવાની એમની ઈચ્છા છે. એમનો આ સંદેશો પણ મારે તમને પહોંચાડવાનો હતો.'

બીજે દિવસે સુભાષચંદ્ર બોઝ શ્રી બાબાસાહેબ ઘટાટેના બંગલે આવ્યા, પણ મુલાકાત થઈ શકી નહીં. ડૉક્ટરના શરીરમાં ખૂબ તાવ હતો. એમની આંખો થોડીવાર પહેલાં જ મીંચાઈ હતી. સુભાષબાબુને એમની ગંભીર માંદગીનો ખ્યાલ આવ્યો. એમણે કહ્યું, 'ના, એમને ઊઠાડશો નહીં. હું ફરીથી આવીશ.' એમણે ડૉક્ટરને પ્રણામ કર્યા અને પાછા ગયા.



Scanned by CamScanner

૫૦

# ઉત્તરાધિકારી

ડૉક્ટરનો બ્લડપ્રેશરનો વિકાર વધતો જ ચાલ્યો. છેવટે ડૉક્ટરોએ પીઠના મણકામાંથી પાણી કાઢવાનું નક્કી કર્યું. ડૉક્ટરે આ વાત જાણી એટલે એમણે ગુરુજીને બોલાવ્યા.

ઓરડામાં ગંભીર વાતાવરણ હતું. બધા ચિંતાતુર થઈ ડૉક્ટરની સામે જોઈ રહ્યા હતા. શ્રી ગુરુજી ત્યાં આવ્યા.

ગુરુજીને એમણે કહ્યું : 'હવે લંબર પંક્ચર કરવું પડશે. હું આમાંથી બચી જાઉં તો તો સારું, નહીં તો હવે પછી સંઘના કામની બધી જવાબદારી તમારે ઉપાડવાની છે એ ધ્યાનમાં રાખજો.'

ગુરુજીએ એમને કહ્યું, 'ડૉક્ટરજી, તમે આમ કેમ બોલો છો ? તમે જલદી આ માંદગીમાંથી ઊભા થઈ જશો.'

સહેજ હસીને ડૉક્ટરે કહ્યું, 'એ તો ઠીક છે, પણ મેં કહ્યું તે ધ્યાનમાં રાખજો.'

સાંજે લંબર પંક્ચર કરવાનું નક્કી કર્યું. આખો દિવસ તેઓ ખૂબ હેરાન થયા. એ કેવળ શરીરની તકલીફ ન હતી, મનની તકલીફ પણ હતી. છેલ્લા કેટલાક દિવસથી એમને બરાબર ઊંઘ આવતી નહીં. એમના મનની અસ્વસ્થતા



Scanned by CamScanner

સતત ચાલુ હતી. વારંવાર તેઓ સતત પાસાં બદલતા હતા. અચાનક બેઠા થઈ જતા, ઓરડામાં આંટા મારતા.

સાંજે લંબર પંક્ચર કરવામાં આવ્યું. સામાન્ય રીતે આવી સ્થિતિમાં ટીપું ટીપું પાણી નીકળતું હોય છે, પણ ડૉક્ટરની પીઠમાંથી તો પાણીની મોટી ધારા જ નીકળવા માંડી. આટલું બધું પાણી નીકળ્યું તો પણ લોહીનું દબાણ ઘટ્યું નહીં. એમની તબિયત વધુ બગડતી ગઈ.

મધરાત પછી તેઓ બેહોશ બની ગયા. સવારે ૧૦૬ તાવ ચઢ્યો હતો. મોટા મોટા ડૉક્ટરો ભેગા થયા. ખૂબ મંથન કર્યું, પણ હવે છેવટે બધાએ આશા છોડી દીધી.

એમની તબિયત નાજુક હોવાના સમાચાર વાયુવેગે આખા શહેરમાં ફેલાઈ ગયા. હજારો સ્વયંસેવકો ભેગા થયા. બધાએ મનમાં ને મનમાં પ્રાર્થના કરી, પણ કાળદેવતા સામે કોઈનું ચાલતું નથી.

શુક્રવાર દિનાંક ૨૧ જૂન, ૧૯૪૦ની સવારે ૯ ને ૨૭ મિનિટે, ડૉક્ટર ઈહલોક છોડી ગયા. હજારોના આધાર, હજારો સ્વયંસેવકોનું પ્રેમાળ શિરછત્ર, હજારો સ્વયંસેવકોનું પ્રેરણાસ્થાન એવા પરમ પૂજનીય સરસંઘચાલક ડૉક્ટર હેડગેવાર પરલોક સિધાવ્યા.

Scanned by CamScanner

# મહાયાત્રા

ઘટાટેના બંગલા પર હજારો નાગરિકો ભેગા થયા હતા, ગામેગામના સ્વયંસેવકોને સમાચાર પહોંચ્યા. 'ગયા ! આપણા ડૉક્ટર ઈહલોક છોડીને ગયા !' એ સૌ છાતીફાટ રડવા લાગ્યા. બહારગામના સેંકડો સ્વયંસેવકો જે મળ્યા તે વાહનોથી નાગપુર આવી પહોંચ્યા. ભાવવિભોર બની ડૉક્ટરનાં અંતિમદર્શન કર્યાં.

દિનાંક ૨૧મીએ સાંજે પાંચ વાગે પ્રચંડ શબયાત્રા નીકળી. હજારો સ્વયંસેવકોએ અને નાગરિકોએ તેમાં ભાગ લીધો. અત્યંત શાંત અને શિસ્તબદ્ધ એ યાત્રા હતી.

રસ્તાની બંને બાજુએ બહુ મોટો જનસમુદાય એમનાં અંતિમદર્શન માટે ઠેકઠેકાણે ઊભો હતો. ચોક્ઠે ચોક્ઠે લોકો પુષ્પમાળાઓ અર્પતા હતા, ફૂલોની વર્ષા કરતા હતા. રાત્રે નવ વાગે શબયાત્રા રેશમબાગ મેદાન પર આવી પહોંચી.

રેશમબાગ ડૉક્ટરની કર્મભૂમિ હતી. ત્યાં સંઘના કેટલાય શિક્ષણ વર્ગો ભરાયા હતા. ડૉક્ટરના પરસેવાથી એ ભૂમિનો કણ ભીંજાયેલો હતો. ડૉક્ટરના શબ્દો જાણે કે એના વાતાવરણમાં ઘૂમતા હતા. એ રેશમબાગના મેદાનમાં, જે દેહમાં નિરંતર આગ રહેતી હતી એ દેહ આગમાં ભસ્મીભૂત થયો.



Scanned by CamScanner

૫૨

# ડૉ. હેડગેવાર અમર છે


ડૉક્ટરનું સમસ્ત જીવન કષ્ટમય, ત્યાગમય હતું. બાળપણથી લીધેલું સેવાનું વ્રત એમણે મરતાં સુધી પાળ્યું. એમનું ચારિત્ર્ય અતિ શુદ્ધ હતું. ભવ્ય શરીર, કાળો રંગ, ચહેરા પર બળિયાના ડાઘા... એવું હોવા છતાં એમનો ચહેરો હંમેશાં શાંત, સૌમ્ય અને પ્રેમાળ દેખાતો. એ હંમેશાં આનંદી રહેતા. રાતદિવસ ચિંતા, પૈસાની તંગી, સાધનોની અડચણ... છતાં એ હંમેશાં પ્રસન્ન રહેતા. એ પ્રસન્નતા તે ચારે બાજુએ સહજ રીતે ફેલાવતા. એમની વાણી સાદી, સરળ પણ અસરકારક હતી. એમની રહેણીકરણી સાવ સાદી હતી.

ડૉક્ટર હેડગેવાર ઈહલોક છોડી ગયા એવું આપણને લાગે છે, પણ ખરું જોતાં એ આજે પણ જીવંત છે. ડૉક્ટર હેડગેવાર એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે ડૉક્ટર હેડગેવાર !

આપણે જો સંઘની શાખામાં જઈએ, એના કાર્યક્રમોમાં સમરસ થઈએ અને સંઘનું કામ સાચી તાલાવેલીથી અને તન મન ધન પૂર્વક કરીએ તો ડૉક્ટરજી આજે પણ આપણને દેખાશે. એ આપણી સાથે બોલશે. એ આપણા હૃદયમાં આવીને બેસશે. એને માટે આપણે સાચા અર્થમાં સ્વયંસેવક બનવું પડે.



Scanned by CamScanner




સાધના પુસ્તક પ્રકાશન

'રામ નિવાસ' બળિયાદેવના મંદિર પાસે

કાંકરિયા, કર્ણાવતી ૩૮૦૦૨૮

દૂરભાષ : ૫૩૫૧૫૪૯


Scanned by CamScanner